गणिवर्य वर्धमान सागर
जैन मंदिर

4-00

# આલોચન વિધિ

## નં. ૨

Ganivarya Vardhaman Sagar,
JAIN
TEMPLE,
Chickpet Bangalore-560053.

# અકલ્પે પિણ્ડવિષયે ષોડશોદ્ગમદોષેષુ પ્રાયશ્ચિત્તમ્.

| | | |
|---|---|---|
| ૧ | આધાકર્મી પિંડભોગે | ઉ. |
| ૨ | કર્મોદ્દેશે | આં |
| | કર્મસમુદ્દેશે આદેશે સમાદેશે ચ | ઉ (ન) |
| | ઉદ્દેશ- ઔદ્દેશિક- સમુદ્દેશિક- આદેશિક - સમાદેશિક પિણ્ડભોગે — | અ. |
| | કર્મોદ્દેશિક | આં |
| | સમુદ્દેશિક - આદેશિક - સમાદેશિક | ઉ. |
| | ઔદ્દેશિક | પુ (ન) |
| | વિભાગ ઉદ્દેશિક ચતુર્વિધેઽપિ | પુ (ગ) |
| ૩ | ઉપકરણ પૂર્તિકર્મણિ | અ. |
| ૪ | યાવન્ત મિશ્રજાતે પાખણ્ડિમિશ્રજાતે | આં |
| | સાધુમિશ્રજાતે સાધર્મિકમિશ્રજાતે | ઉ (ન) |
| | પાખણ્ડિમિશ્રે | ઉ. |
| | યાવન્તિકમિશ્રે | પુ (ન) |
| ૫ | ઇત્વરસ્થાપના પિણ્ડપરિભોગે | નિ |
| | ચિર " " " | પુ |
| ૬ | સૂક્ષ્મ પ્રાભૃતિકા " પરિભોગે | નિ |
| | બાદર " " " | ઉ. |
| | " " " " | પુ (ન) |
| | ૨ સામાન્યોદ્દેશિક આહારભોજને | પુ |
| ૭ | પ્રકરનાત્મક પ્રાદુષ્કરણે | પુ |
| | પ્રકાશાત્મક પ્રાદુષ્કરણે | આં |

૮ દ્રવ્યાત્મક્રીતપિંડભોગે - દ્રવ્યપારિકતે ભવાત્મક્રીતે-

૯ લૌકિક પ્રામિત્તે — પુ. ઓ

લોકોત્તરે ” — પુ-અ (ન)

૧૦ લૌકિક પરિવાર્તતે — ઓ

લોકોત્તર ” — પુ

પરિવાર્તતે — ઉ (ન)

૧૧ સ્વગ્રામાહૃતે — પુ

પરગ્રામાહૃતે સપ્રત્યવાયે — ઉ

સ્વગ્રામા રત સવાયાકૃતે — પુ (ન)

પર ” હૃતે અપ્રત્યવાયે — ઓ

ઉત્કૃષ્ટજીતે — ઉ (ન)

૧૨ દર્દરોદ્ભિન્ને — પુ

પિહિતોદ્ભિન્ને — ઓ

ગ્રન્થે દર્દરસ્યાવાયનયને — પુ (ન)

૧૩ માલાપહૃતે જઘન્ય — પુ

” ” મધ્યમ — અ

” ” ઉત્કૃષ્ટ — ઓ

૧૪ પ્રભુસ્વામિ- સ્તેનાચ્છેદ્યપિંડે — ”

પ્રભુસ્વામિસ્તેનાભિઘડપિ આચ્છેદ્યે — ઓ (ન)

૧૫ સાધારણ ચોલ્લક (ભક્ત) જ્ઞુ — (ગચ્છ)

૧૬ યાવદર્થિકમિશ્ર- પાખંડિમિશ્ર - સાધુમિશ્ર અધ્યવપૂરક- — પુ-અ-ઓ

ઇતિ.

# - षोडश उत्पादनदोषेषु प्रायश्चित्तम् -

| | | |
|---|---|---|
| ૧ | ધાત્રી પિણ્ડે | આં |
| | ધાત્રી પશ્ચાવેધે | આં (ન) |
| ૨ | સ્વ-પરગ્રામદૂતિપિણ્ડે | ઉ. |
| ૩ | અતીત નિમિત્તપિણ્ડે | આં |
| ૪ | આજીવ પિણ્ડે | આં (ન) |
| ૫ | વિનયક પિણ્ડે | આં |
| ૬ | ચિકિત્સાયાં સૂક્ષ્માયામ ........ | પુ |
| | બાદરાયામ | આં |
| | ગુર્વ્યાં | આં (ન) |
| ૭ | ક્રોધ પિણ્ડે | આં |
| ૮ | માન પિણ્ડે | આં |
| ૯ | લદ્દક ભુક્ત્યાદિ માયાસુ | ઉ |
| | માયા પિણ્ડે | ઉ. અ (ન) |
| ૧૦ | લોભ પિણ્ડે | ઉ |
| | પ્રત્યેકમ | આં (ન) |
| | સરસં ભુક્ત્વા નીરસં આચાર્યસમીપે માયયા - આહરતિ | ઉ. |
| ૧૧ | વચન સંસ્તવાપિણ્ડે | પુ |
| | સંબંધિ સંસ્તવે | આં |
| | ચેતન સંસ્તવે | ઉ (ન) |
| | પુર્વપશ્ચાત સંસ્તવે | આં (ગ) |
| ૧૨ | વિદ્યા પિણ્ડે | આં |
| ૧૩ | મન્ત્ર પિણ્ડે | આં |
| ૧૪ | ચૂર્ણ પિણ્ડે | આં |
| ૧૫ | યોગ પિણ્ડે | આં |

| | | |
|---|---|---|
| ૧૬ | મૂલક કર્માણિ | મૂલમ્ |
| | મૂલકર્માણિ ગર્ભાધાનાશાતનારૂપે | " (ન) |

અથૈષણાદોષેષુ પ્રાયશ્ચિત્તાનિ

| | | |
|---|---|---|
| ૧ | ગ્રહણે ભોજન સંકીતે — સંકીતજન્યમ | |
| | " અશંકિત ભોજન સંકીતે " | |
| | શંકાયાં 'વરછે' કથને તદાદાનાત | (ન) |
| ૨ | પૃથ્વી- રૂએ મ્રક્ષિતહસ્તત્વાદ્દાતૃવા ગ્રહણે - નિ | |
| | મિશ્ર કર્દમ " " " | પુ |
| | નિમિશ્ર " " " " | નિ(ન) |
| | મૃત્તિકા " " " " " | પુ |
| | સચિત્ત " " " | નિ(ન) |
| | ઓસ- હિંગુલ- હરિતાલ- અંજન- લવણગૌરિક - | |
| | વર્ણીય- સૌરિકા મ્રક્ષિત હસ્તપાદાભ્યામાહારગ્રહણે - | પુ. |
| | સ્નિગ્ધજલ કરપાત્રાન | નિ. |
| | અપ્કાય સ્નિગ્ધે | નિ(ન) |
| | સચિત જલ મ્રક્ષિત હસ્તે પાત્રે વા | નિ(ન) |
| | જલાર્દ્રાત | પુ |
| | પુરઃ પશ્ચાત્કર્માણિ | આં |
| | પુરઃ — — " | ઉ(ન) |
| | પૃથ્વ્યાદિષુ પશ્ચાત્કર્માણિ | આં(") |
| | સચિત્તાગ્નિમ્રક્ષિત - હસ્તેપાત્રે વા | નિ(") |
| | પરિ- વનસ્પતિ મ્રક્ષિતાન | પુ |
| | અનન્તકાયમ્રક્ષિતેન | પુ |
| | મદિરાદિ ગર્હિત મ્રક્ષિતેન | આં |

| | | |
|---|---|---|
| | ગર્હિત મ્રક્ષિતે પરંપરે | પુ (ન) |
| | અગર્હિત મ્રક્ષિતેન મ્રક્ષિતે | પુ |
| | સંસક્ત (પર્યુષિતાદિ) મ્રક્ષિતેન | આં |
| | મદિરા-વશાદિ ગર્હિતાનન્તર મ્રક્ષિતેષુ - | એ (ન) |
| ૩ | સચિત્તે અનન્તરમ્રક્ષિતે | આં |
| | મિશ્ર " " | પુ |
| | " પરમ્પર " | પુ |
| | સચિત્તે અનન્તરમ્રક્ષિતે | પુ |
| | પૃથ્વ્યાદિષુ અનન્તવર્જમિશ્રેષુ અનન્ત નિક્ષિપ્તે | પુ (ન) |
| | પૃથ્વ્યાદિષુ પરમ્પરનિક્ષિપ્તે | નિ (ન) |
| | સન્નિરુધ્ધે પ્રક્ષિપતિ | આં (ન) |
| | સચિત્ત - અનન્ત વનસ્પતિ - અનન્તર નિક્ષિપ્તે - | ઉ. |
| | " " " પરંપર " | એ |
| | મિશ્ર " " અનન્તર " | એ |
| | " " " પરંપર " | એ |
| | સચિત્ત પ્રત્યેકમ " " " | એ |
| | " " " અનન્તર " | આં |
| | સચિત્ત કર્દમાનન્તર નિક્ષિપ્તે | આં (ન) |
| | " " પરમ્પર " | પુ |
| | અનન્ત મિશ્ર અનન્તર " | પુ |
| | " " પરંપર " | નિ (ન) |
| | સચિત્ત ત્રસાનન્તર " | આં (") |
| | સંસક્તે પ્રક્ષિપ્તે | આં (") |
| ૪ | સચિત્તાનન્તરપિહિતે | આં |
| | સચિત્ત પરંપર " | પુ |

| | |
|---|---|
| મિશ્ર અનન્તર પિહિતે | પુ |
| " પરમ્પર " | પુ |
| સચિત્તાનન્ત વનસ્પતિ પિહિતે | એ |
| " " પરંપર " | નિ |
| મિશ્ર અનન્ત વનસ્પતિ પિહિતે | એ |
| " " પરમ્પર " | નિ |
| સચિત્ત પ્રત્યેક વનસ્પતિ અનન્તર પિહિતે | આ |
| " " " પરમ્પર " | પુ |
| " કર્દમાનન્તર " | આ |
| " " પરમ્પર " | પુ |
| અનન્ત મિશ્ર અનન્તર " | આ |
| " " પરમ્પર " | પુ |
| સચિત્ત ત્રસાનન્તર " | આ |
| સચિત્ત ત્રસ પરમ્પર " | પુ |
| ગુરુ અચિત્ત પિહિતે | ઉ. આ (ન) |
| ૫ સચિત્ત અનન્તર સંહરણે | આ |
| " પરમ્પર " | પુ |
| મિશ્ર " " | નિ |
| " અનન્તર " | પુ |
| સચિત્તાનન્તવનસ્પતિ અનન્તર સંહરણે | ઉ. |
| " " " પરમ્પર " | એ |
| મિશ્ર વનસ્પતિ અનન્તર " | એ |
| " " પરમ્પર " | નિ |
| બીજ " | નિ |
| અચિત્તે અચિત્ત સંહરણે | પુ |
| ગુરુ " " | ઉ. |

સંહૃતેડપિ એવમેવ નવમરેષુ સંહૃતે    નિ (ન)

૬ બાલ - વૃધ્ધ - મત્ત (મદિરાદિના) ઉન્મત્ત - દીપ્ત -
ચિતાદિકે જ્વરિત - અન્ધ - નિગડબુધ્ધ - છિન્ન -
હસ્ત - છિન્નપાદ - નપુંસક - ગુર્વિણી (અષ્ટમાસાન
યાવત સનામિ સ્ત્રિયા દીયમાનમ્ ભક્તં ગૃહ્યતે,
નવમે માસે ન ગૃહ્યતે) બાલવત્સાં ભુંજાન્તિ -
વિલોડયન્તિ, ભર્જયન્તિ ખણ્ડયન્તિ - પિંશન્તિ -
સંસક્તદ્રવ્યલિપ્ત હસ્તા, સંસક્ત દ્રવ્ય - લિપ્ત - માત્રા
શેષ દ્રવ્યલિપ્ત - હસ્ત - પાત્રાભ્યાં દદતિ, દ્રવ્યેણ દ્રવ્યા-
ન્તરં ગૃહ્ણન્તિ, સાધારણં દદતિ, ચૌરિકં દદતિ, પ્રા-
ભૃતિકા સ્થાપયન્તિ - સપ્રત્યવાયે પરકીયમિદમ્ - ઈતિ
ઉક્ત્વા દદતિ -    આ
પ્રગલકુષ્ટેન, પાદુકારુઢેન વા દીયમાનમ ગૃહ્ણતઃ - ઉ
પહકાદિષુ દાયકેષુ    ઉ (ન)
કર્તયન્તિ, પિન્જન્તિ, પ્રમર્દયન્તિ, રુવન્તિ -
એતાભિર્દીયમાને    પુ
અપ્રભુ - દાયકેન દીયમાને    પુ (ન)
(પરકાય - વ્યગ્ર હસ્તયા દીયમાને સ્વસ્થાને
નિક્ષિપ્તમ )

૭ સચિત્ત પ્રત્યેક વનસ્પતિ ઉન્મિશ્રે    આ
મિશ્ર " " "    નિ
સચિત્ત અનન્ત " " "    ઉ
મિશ્ર " " "    નિ
બીજ "    નિ

| | | |
|---|---|---|
| | પૃથિવ્યાદ ઉન્મિશ્રેડ નિક્ષિપ્તવત | નિ |
| | ઉન્મિશ્રેડપિ એવમેવ જીવેષુ | નિ |
| ૮ | પૃથ્વ્યાદિ દ્રવ્યાપરિણતે | આં |
| | અનન્ત વનસ્પતિ અપરિણતે | ઉ |
| | દ્રવ્ય-ભાવાડપરિણતં ભુજ્જાનયોઃ | પુ |
| | દ્રવ્યાડપરિણતે સચિત્તે | આં-ઉ-વા |
| | ” ” મિશ્રે | પુ-અ-વા |
| | સંસક્ત હસ્તેન દત્તે | આં |
| | ” પાત્રેણ ” | આં |
| ૯ | ” લિપ્તે | પુ (ન) |
| | અગર્હિત સંસક્તે | પુ (”) |
| ૧૦ | પૃથ્વ્યાદિષુ છર્દયન દત્તે | આં |
| | અનન્ત વનસ્પતિષુ છર્દયન દત્તે | ઉ. |
| | ” ” છર્દિતે | આં (ન) |

## મણ્ડલી દોષેષુ પ્રાયશ્ચિત્તમ

| | | |
|---|---|---|
| ૧ | સંયોજ્ય ભુક્તે | ઉ |
| ૨ | પરિમાણાતિરિક્તં ભુક્તે | આં |
| ૩ | સાંગારં ” | ઉ |
| ૪ | સધૂમમ ” | આં |
| ૫ | અકારણે ” | ” |
| | કારણે અભુજ્જાનસ્ય | ” |
| | શય્યાતર પિણ્ડ ભોગે | ” |
| | નિષ્કારણં અકલ્પભક્તાદૌ | અટ્ટમ |
| | ઉપયોગ અકરણે | ઉ (ન) |
| | દ્રવ્યાદ અભિગ્રહ ભઙ્ગે | પુ |

| | |
|---|---|
| આધાક વિકૃતિ ગ્રહણે | ૧૦૦ સ્વાધ્યાય(ન) |
| આચાર્યમનાપૃચ્છય સ્થાપનાકુલેષુ | ” |
| ભિક્ષાચર્યાર્થં પ્રદેશે | એ |
| ગોચર ચર્યાયા અપ્રતિક્રમણેન | નિ(ન) |
| સંખડી ગમને | આં |
| અવિસોરે કોડિ નિય સજ્જિ | (૧) |
| પિણ્ડેષુ ક્ષમણેષુ | (ન) |
| સકારણમકલ્પૌષધાદૌ સેવને | એ (૧૨) |
| નિષ્કારણ ” ” ” | ઉ (૧૨) |
| અકલ્પજલાદૌ સકારણે | ઉ (”) |
| ” ” નિષ્કારણે | છઠ (”) |
| ” ભક્તાદૌ ” | ” (”) |
| ત્રસ સંસક્ત ભક્તે | ઉ (”) |
| અચિત્ત પલાંડુ લશુન ભક્ષણે | પુ |
| તમ્બોલ પરિભોગે | ઉ |
| કંકોલ ” | ઉ |
| લવંગ ” | ઉ |
| પત્રફલ ” | ઉ |
| મદ્ય-કંકોલ-લવંગ-પત્ર-ફલાદિભોગે | ઉ (ન) |
| આસવં (વિકટં મદિરા) પિબને | ઉ. |
| અનન્ત ભક્ષણે | ઉ (૧૨) |
| ” ભુક્તે | છઠ (”) |
| જઘ્યાતિ [illegible] કરણે | નિ |
| પ્રમાદાત ભક્તાદિ કાલાતીત કરણે | નિ |
| કાલાધિતીત વસ્તુભોગે | ઉ (ન) |
| કાલાતિક્રાન્તે પાનાદિકે | આં(”) |

કાલાતિક્રાન્તે ભોજનાદિકે ઉ.
અદ્ધાતિક્રાન્તે ,, ઉ.
,, ,, પાનાદિકે આં (ન)
દીર્ઘાધ્વ પ્રતિપન્ને બાધાકર્માદિ બહુ સેવિતે - પૂ. કલ્યાણક

## ગૃહિભાજને પ્રાયશ્ચિત્તમ -

સૂચી નિર્ગમને આં (૧૨)
,, આહરણે ઉ (,, )
,, આલયો હારિતે ઉ-૧૦ (,, )
,, ગૃહનાશે ઉ-૧૦ (,, )
છૂરી નિર્ગમને ઉ-૩ (,, )

## શોભાર્થં પ્રાયશ્ચિત્તમ

શોભાકરણે આં
અભ્યંગે આં (ન)

## સાધુ- સામાચારી પ્રાયશ્ચિત્તમ

નૈષેધિકી - આવશ્યકી અકરણે નિ (ન)
ઈર્યા અપ્રતિક્રમણે પુ (ન)
સંસ્તારક અસંદેશાપને ઉ (ન)
અવધિ કરણે પુ (ન)
અવશેષ સામાચારી ભંગે (,,)
સર્વ આવશ્યક અકરણે ઉ (,,)
પ્રતિક્રમણ અકરણે ઉ (,,)
અ ,, કરણે આં (,,)
અકાલ પ્રતિક્રમણે નિ (,,)

ઉધ્વાં અપ્રતિક્રમણે ઉ (ન)

| | | | | | |
|---|---|---|---|---|---|
| એકં | કાયોત્સર્ગ | આચાર્યાદિના | પૂર્વ | પાશ્ચતિ - | નિ |
| દ્વૌ | " | " | " | " | " |
| ત્રીન | " | " | " | " | અે |
| સર્વાન | " | " | " | " | આં |
| એક | કાયોત્સર્ગ | નિષ્કરિતે | | | નિ |
| દ્વૌ | " | " | | | પુ |
| ત્રીન | " | " | | | અે |
| સર્વભ્યા | | " | | | |
| પશ્ચાત્કરણે | | | | | આં |
| એક | કાયોત્સર્ગ | અકરણે | | | પુ |
| બે | " | " | | | અે |
| ત્રણ | " | " | | | આં |
| ચતુઃ સર્વ | " | " | | | ઉ |
| એક | કાયોત્સર્ગ | ભડગે | | | નિ |
| બે | " | " | | | પુ |
| ત્રણ | " | " | | | આં |
| એકસો | વંદનાન | નિષ્કરિતે | | | નિ |
| બે | " | " | | | પુ |
| ત્રણ | " | " | | | અે |
| સર્વ | " | " | | | આં |
| એકસો | વંદના | અદાને | | | પુ |
| બે | " | " | | | અે |
| ત્રણ | " | " | | | આં |
| સર્વ | " | " | | | ઉ |

કાયોત્સર્ગવત તદનેડપિ - નિ - પુ - અે - આં - ઉ (ન).

| | |
|---|---|
| વન્દનક અદાને | ઓં (ન) |
| દવા વંદને | નિ (ન) |
| અવિધિના ચૈત્યવન્દનકરણે | ઉ (") |
| ઉપધિં ઉપાધ્યાય-આચાર્યાનિવદને | જ એ |
| " " " " | મ ઓં |
| " " " " | ઉ ઉ |
| સર્વોપધિં " " " | છઠ |
| જઘન્યોપધિં " ગુરોઃ અનિવેદને | નિ |
| " આચાર્યદત્તં ભુક્તે | એ |
| મધ્યમોપધિં " " " | ઓં |
| ઉત્કૃષ્ટોપધિં " " " | ઉ |
| સર્વોપધિં " " " | છઠ |
| જઘન્ય-ઉપધિં આચાર્યાનનુજ્ઞાયા પરસ્મૈ દત્તે | એ |
| મધ્યમ " " " " " | ઓં |
| ઉત્કૃષ્ટ " " " " " | ઉ |
| સર્વ " " " " " | છઠ |
| " " " " " " | ઉ (ન) |
| જઘન્યોપધિમપ્રતિલેખને તથા ન પ્રતિલેખતા ઇતિ | |
| ગુરુભ્યો નિવેદયિતુમ વિસ્મૃતે - જ | નિ |
| " " " મ | પુ |
| " " " ઉ | એ |
| સર્વોપધૌ | ઓં |
| જઘન્યોપધૌ ધૌતે | એ |
| મધ્યમોપધૌ " | ઓં |
| ઉત્કૃષ્ટોપધૌ " | ઉ |
| સર્વોપધૌ ચાતુર્મધ્યે ધાવયેત | છઠ |

| | | | |
|---|---|---|---|
| પ્રાવૃષિ સર્વોપધ કલ્પ (કાપ) કરણે | | | પ-કલ્યાણક. |
| સર્વોપધિ ક્ષાલને અકાલે ઉપધિ ધાવને | | | છઠ્ઠ (ન) |
| " કાલ | " | | અઠ્ઠમ (ન) |
| " કલ્પે | | | પ કલ્યાણક. |
| સર્વોપધૌ પતિતે લબ્ધે | | જઘન્ય | નિ-પુ. |
| " " " | | મધ્યમ | એ |
| " " " | | ઉત્કૃષ્ટ | આં |
| ઉપધૌ હારિતે | | જઘન્ય | એ |
| " " | | મધ્યમ | આં |
| " " | | ઉત્કૃષ્ટ | ઉ. |
| " " | | સર્વ | છઠ્ઠ |
| (સર્વોપધૌ) હારિય લાભે | | | ઉ (ન) |
| ઉપધે નિર્ગમને | જ-મ-ઉ | | આં·ઉ·ઉ·૩ |
| મુખવસ્ત્રે અવગ્રહાત બહિર્ગતે | | | નિ |
| " " | સ્ફેટિતે | | નિ (ન) |
| મુખવસ્ત્રિકા ઉત્સંઘટ્ટે | | | એ (૧૨) |
| " પ્રમાદાત નાશિતે | | | ઉ |
| " હારિતે | | | ઉ |
| " નિર્ગમને | | | આં (૧૨) |
| રજોહરણ અવગ્રહાત સ્ફેટિતે | | | આં (ન) |
| " " | દૂરીભૂતે | | ઉ |
| " " | બહિઃ સ્ફેટિતે | | ઉ (ન) |
| " ઉત્સંઘટ્ટે | | | આં (૧૨) |
| " નાશિતે | | | છઠ્ઠ |
| " હારિતે | | | છઠ્ઠ |
| " નિર્ગમને | | | અઠ્ઠમ |

ચોલપટ્ટે અવગ્રાહત જાહિઃ સ્ફિટિતે ઉ (ન)
કેચિત ચોલપટ્ટે સ્જોહરણે અવગ્રાહત સ્ફિરિતે -
કાલાનાસ્ય અપ્રતિક્રમણે --- નિ.
ઈતિ વદન્તિ નિ (ન)
અપ્રતિલેખ્ય દુષ્યપચ્ચક (તૂલી - આલિંગણ -
અંગોવહાણે ગંડોવહાણે - મસૂરગોધ પરિભોગે - એ
અપ્રતિલેખિત વસ્ત્રપચ્ચક એ (ન)
દુષ્પ્રતિલેખ્ય દુષ્યપચ્ચક (કોપ વિચાવરગપૂરી -
દાઢિયાલી વિરાલી પરિભોગે - પુ.
અશુષિર (કુશાદિ) તૃણ અકારણ પરિભોગે - નિ
તૃણપચ્ચક (શાલી - વ્રીહિ - કોદ્રવ - રાલગ આરણ્ય -
નિષ્કારણ પરિભોગે --- - પુ
તૃણપચ્ચાદિ ભોગે ધી - દ્વિચાદિ ત્રસભોગે - તૃણાદિ -
તન્નિષ્પન્નં પચ્ચકેષુ ત્રસ ઘાધિજન્ય મતિરિક્તમ -
તૃણ ચર્મ દુષ્પ્રતિલેખિત વસ્ત્રપચ્ચકેષુ - પુ (ન)
પુસ્તક પચ્ચક (ગંડવી - કછવી - મુડી - છિવાડી સંપુટ)
ગ્રહણે --- --- આં
અન્ય ચૂર્ણિકારમતેન પુસ્તક પચ્ચકેષુ ચર્મપચ્ચક -
- ગો - મહિષ - અના - એલક - મૃગ ) પરિભોગે - પુ.
ભિક્ષાપાત્રે પ્રથમ - ચરમ પૌરુષ્યાં અપ્રતિલેખને -
- પ કલ્યાણક
મુખવસ્ત્રિકા - અપ્રતિલેખે આં (ન)
ઓઘરણ અપ્રતિલેખે આં (ન)
ઔધિકો પકરણ અપ્રતિલેખને ઉ (ન)

પ્રસ્ત્રવણ - સ્થણ્ડિલભૂમિ અપ્રતિલેખને - નિ.
અપ્રતિલેખ્યં કપારયો ઉદ્દ્ધારને પુ (નિ)
દિવા અપ્રતિલેખિત સ્થણ્ડિલે રાત્રૌ સંજ્ઞાવ્યુત્સૃજની - ઉ
~~દિવસ~~
દિવા અપ્રત્યુત્પ્રેક્ષિત સ્થણ્ડિલે રાત્રૌ મૂત્ર-
પુરીષોત્સર્ગે — — ઉ (ન)
અપ્રમાર્જને નિ (ન)
નદી જલસ્ય નાતિદૂરે માદા પ્રમાર્જન આં (ન)
ભોજન ભૂમિ અપ્રમાર્જને નિ-ઉ (ન)
પ્રતિક્રમણ ભૂમિ અપ્રમાર્જને ઉ (ન)



## -: આપત્તિસ્થાન :-

આપત્તિસ્થાન :- આપત્તિસ્થાન એટલે (દોષપ્રસંગ - તેના સ્થાનો દશ પ્રકારના પ્રાયશ્ચિતમાં કયાં કયાં છે) તે અત્રે શ્રી જિતકલ્પ ના આધારે લખ્યાં છે.

૧ આલોચના પ્રાયશ્ચિતનાં આપત્તિસ્થાનો:

પ્રત્યુપ્રેક્ષણાદિ ક્રિયા રૂપ તથા શ્રુતોપદિષ્ટ સંયમના હેતુભૂત દૈવસિક અને રાત્રિક અનુષ્ઠાનો રૂપ જે કરણીય યોગો તેમાં ઉપયુક્ત નિરતિચારી (અદુષ્ટ ભાવયુક્ત) છદ્મસ્થ પરોક્ષજ્ઞાની (શ્રુતજ્ઞાનના આધારે અશેષ ક્રિયા કરવામાં તત્પર) એવા સાધુને પ્રથમ આલોચના પ્રાયશ્ચિત કરેલ છે

પ્રશ્ન:- નિરતિચારી યતિ કરણીય યોગોને કરે તેમાં પ્રાયશ્ચિત શેનું ?

ઉત્તર:- પ્રમાદજન્ય સૂક્ષ્મ આશ્રવક્રિયા કે જે અજ્ઞાત હોય છે, તેની શુદ્ધિ માટે નિરતિચારી ને પણ આલોચના પ્રાયશ્ચિત હોય. ઉપર્યુક્ત ગુણવાળો સાધુ ગુરુ સંદિષ્ટ વા અસંદિષ્ટ કાર્ય કરણવેલાએ અથવા કાર્ય સમાપ્તિ સમયે આલોચના કરે.

કરણીય યોગનાં નામો :- અશનાદિક ૪ પ્રકારના આહાર ગ્રહણ માટે શય્યા, સંસ્તારક, પાદપ્રોંછન - વસ્ત્રપાત્રાદિના ગ્રહણ માટે આચાર્ય બાળ - ગ્લાન - વૃદ્ધ શૈક્ષ - તપસ્વી - અસહિષ્ણુક પ્રાયોગ્ય ઔષધાદિ ગ્રહણ માટે તથા સ્થંડિલ માટે, ચૈત્યદર્શન માટે, પ્રતિવંદન, સ્વાધ્યાય - અપૂર્વ બહુશ્રુત સંવિજ્ઞ સાધુને વંદન માટે તથા તેમની પાસે સંશય છેદવા માટે તથા શ્રાવક .

સ્વજનવર્ગ જનસત્રવિહારી આદિને શ્રધ્ધામાં સ્થિર કરવા માટે, પીઠ ફલકાદિ પાછા આપવા માટે કુલ-ગણ-સંઘ અને દેવદ્રવ્યના ઉપદ્રવને નિવારવા માટે ક્ષેત્ર પ્રતિલેખન- સ્થંડિલ અન્વેષણ શોધ- નિષ્ક્રમણ- આચાર્ય સંલેખનાદિ માટે (અનશન વ્રત દ્વારા શરીરનો ત્યાગ) ૧૦૦ હાથની બહાર જે કાંઈ કર્યું હોય તે બધા કરણીય યોગો સમજવા

પૂર્વોક્ત કરણીય યોગોને જો ગુરુ અગર આચાર્ય આગળ પ્રકાશિત કરવામાં ન આવે તો તે આત્મા અશુધ્ધ ગણાય છે. અને કરણીયયોગો ને નામગ્રહણ પૂર્વક પ્રકાશિત કરે તો શુધ્ધ આત્મા ગણાય. ૧૦૦ હાથની અંદર આચરેલુ કરેલુંક ગુરુના આગળ પ્રવચન આદિ પ્રગટ કરાય છે. અને કરેલુંક ખેલ- સિંઘાણ- જલ્લ- નિર્વપણ ઉત્થાન- વિજૃંભણ- આકુંચન- પ્રસારણ તથા શ્વાસોચ્છવાસની ચેષ્ટાદિક પ્રકાશિત કરાતું નથી.

<u>પ્રશ્ન</u> :- અતિચાર લાગે તો તેની શુધ્ધિ માટે આલોચના હોય છે- પણ નિરતિચારીને આલોચના શાની?

ઉત્તર:- છદ્મસ્થ સાધુને સુક્ષ્મ અતિચારો બધા જ યાદ રહે તેવું હોતું નથી. વળી સહસાત્કાર આદિ કારણોવડે ઘણા ઘણા અતિચારો લાગવાની સંભાવના છે માટે આલોચન અવશ્ય લેવી જોઈએ.

આલોચના બે પ્રકારની છે. (૧) ઓઘથી (૨) વિભાગથી.

તેમાં અશિવ- દુર્ભિક્ષાદિ કારણે ગુર્વાજ્ઞા લઈને નિકળેલો સાધુ જો પખવાડિઆની અંદર

પાછો આવ્યો હોય અને જે ભોજન માંડલીના સમય પહેલા આવ્યો હોય તો આવીને તરત ઈરિયાવહિયા પડિક્કમી ....

આયા મૂલગુણેસુ વિરહણા આયા ઉત્તરગુણેસુ
આયા પાસત્થાઈસુ દાણગ્ગહણ સંપઓગાહો ॥

મૂલ ગુણોમાં કે ઉત્તરગુણમાં કંઈ પણ - વિરાધના થઈ નથી - પાર્શ્વસ્થાદિ સાથે આપવા - લેવાનો પ્રસંગ તથા તેમનો સંપર્ક કર્યો નથી -

- આ પદથી ઓઘ આલોચના ગ્રહણ કરે - હવે જે સાધુ પખવાડિયાની અંદર આવવા છતાં ભોજન મંડલી બાદ આવ્યો હોય તો તથા અથવા જે સાધુ પખવાડિઆ પછી આવ્યો હોય અને તે ભોજન મંડલી પહેલાં યા તો પછી આવ્યો હોય તો તેને વિભાગ આલોચના (પ્રગટપણે નામગ્રહણ પૂર્વક સંપૂર્ણની જ અતિચાર નિવેદન રૂપ) લેવી જોઈએ - અને એ જ રીતે શ્રુતાદિ પાંચ પ્રકારની ઉપસંપદામાંથી કોઈ પણ એક ઉપસંપદા પ્રથમ વખતે ગ્રહણ કરવામાં આવે ત્યારે પણ વિભાગ આલોચના લેવી જોઈએ.

વિહાર આલોચના :- એક દિવસે, પખવાડીએ અગર દ્વિવર્ષે જ્યારે સાંભોગિક - સ્પર્ધક પતિઓ (ગણના અવાન્તર વિભાગ નાયક) તથા ગીતાર્થ આચાર્યો મળે, ભેગા થાય ત્યારે નિરતિચારી હોય તો પણ પોતપોતાના વિહાર પ્રદેશમાં - અનુષ્ઠિત અતિચાર આદિના પ્રકાશરૂપ આલોચના આપે તે વિહાર આલોચના કહેવાય .....

## ૨ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તનાં આપત્તિસ્થાનો :—

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પ્રમાદજન્ય સામાન્ય સ્ખલના, ગુરુની અશાતના, અભ્યુત્થાનાદિ વિનય ન કરવો, "ઇચ્છા-મિચ્છાદિક" દશવિધ ચક્રવાલ સામાચારીનું અપાલન, લઘુ-જઘન્ય, મૃષા-અદત્ત મૂર્છાનું કરવું, અવિધિએ (મુખવસ્ત્રિકા આગળ હાથ રાખ્યા વગર) બગાસું-છીંક ઓડકાર તથા અધોવાતનું થવું- છેદન-ભેદન-ઘર્ષણ-પીડણ-અભિઘાત-સિંચન કાચ-ક્ષારાદિ અનેક પ્રકારના અસંક્લિષ્ટ કર્મોનું કરવું- વાચિક-કાયિક કંદર્પ કરવો, તથા હાસ્ય-કષાય-વિકથા કરવી, ઉપર જણાવેલ સર્વ અતિચારોમાં સહ-સાત્કારે (વિચાર શૂન્યતાથી) તથા અનાભોગથી (અત્યન્ત વિસ્મૃતિથી) સ્ખલના થઈ જાય, અને તેમાં પણ કોઈ જાતની હિંસા ન થઈ હોય, તો પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત સમજવું જોઈએ તથા આભોગવડે (પરિસ્ફુર-બુદ્ધિવડે) સ્તોક (અલ્પ) સ્નેહ (માત-પિતાદિ સ્વજન તથા ભક્ત શ્રદ્ધાદિ ઉપર), સાત પ્રકારના ભય, શોક, બાકુશ્ય (કશ્મલ ચરિતત્વ) પાર્શ્વસ્થાદિત્વ, કંદર્પ, હાસ્ય, વિકથા કરવામાં તથા કષાયના અનુષંગમાં - પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત જાણવું.

<u>પ્રશ્ન</u>:- કંદર્પ, હાસ્ય- વિકથા અને કષાયાનુષંગ અત્રે બે વાર કેમ લખવામાં આવેલ છે?

<u>ઉત્તર</u>:- કંદર્પ-હાસ્ય-વિકથા અને કષાયાનુષંગ અત્રે બે વાર લખવાનું કારણ એ છે કે એ અતિચારોનું સેવન સહસાત્કાર અને અનાભોગથી ઉત્કૃષ્ટ રીતે થાય તો પણ, અને એ અતિચારોનું સેવન આભોગવડે

(પોરસ્ફુર બુદ્ધિવડે) જઘન્યથી કરવામાં આવે તો પણ પ્રતિક્રમણ નામનું બીજું પ્રાયશ્ચિત્ત લાગે એ પ્રમાણે સમજવા માટે લખેલ છે.

૩ તદુભય પ્રાયશ્ચિત્તના આપત્તિસ્થાનો :-

સંભ્રમ (હસ્તિ-અગ્નિ આદિ જનિત) ભય (ચૌરાદિ જનિત) આતુરતા (ક્ષુધા-તૃષા આદિ જન્ય) આપત્તિ (દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ ભેદે ચાર પ્રકારની) દ્રવ્યથી દ્રવ્યની દુર્લભતાએ, ક્ષેત્રથી ગામાદિ ઉજ્જડ થઈ જવાથી, કાળથી દુષ્કાળ આદિ પડવાથી ભાવથી ગુરુ વા ગ્લાનાદિની નિમિત્તાદિથી સહસાત્કાર "વિચાર શૂન્યતા" અનાભોગ અત્યંત વિસ્મૃતિ "અનાત્મવશતાં હસ્ત્યાદિ સંકટમાં" આદિ કારણોથી સર્વ વ્રતમાં લાગેલ અતિચારોની શુદ્ધિ "તદુભય" થી શુદ્ધિ થાય છે. જે અપરાધ શંકાસ્પદ હોય તેની શુદ્ધિ પણ "તદુભય" થી થાય છે.

માનસિક, દુશ્ચિંતિત, વાચિક, દુર્ભાષિત, કાયિક, અપચેષ્ટાદિ દૈવસિક અતિચાર ઉપયોગ કરવા છતાં યાદ ન આવે તો તેને માટે પણ 'તદુભય' છે. સર્વવ્રતોને વિષે અપવાદથી લાગેલા અતિચારોની અને સહસાત્કારાદિ વડે લાગેલા દોષોની શુદ્ધિ પણ 'તદુભય' પ્રાયશ્ચિત્તથી જ થાય છે.

૪ વિવેક પ્રાયશ્ચિત્તના આપત્તિસ્થાનો :—

કાલાતિક્રાન્ત (ચાર પહોર પહેલા ગ્રહણ કરેલા) માર્ગાતિક્રાન્ત (અઢાર ગાઉ ઉપરાન્ત લઈ ગયેલ અથવા લાવેલ) સૂર્યોદય પહેલાં વા સૂર્યાસ્ત બાદ અને કારણવશ ગ્રહણ કરેલમાંથી ઉગરેલ

ભાત-પાણીને વિધિપૂર્વક પરઠતાં અશઠને શુધ્ધ જાણવો.

૫ વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્તનાં આપત્તિસ્થાનો :—

ઉપાશ્રયથી ૧૦૦ હાથ ઉપરાંત જઈને અથવા ૧૦૦ હાથ ઉપરાંતથી ઉપાશ્રયે આવીને સ્વાધ્યાય નિમિત્તે, સ્થાનાન્તરમાં જઈને કાયોત્સર્ગ કરવો જોઈએ. શ્રુતના ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞામાં સ્વાધ્યાય કાલના પ્રતિક્રમણમાં તથા શ્રુતસ્કન્ધ અને અંગના પરાવર્તન આદિનો કાયોત્સર્ગ કરવો- સાવદ્ય (અનિષ્ટ સ્વપ્ન જોઈને અને નાવદ્વારા નદી ઉતરીને પણ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, ભાત-પાણી-શયન - આસનાદિ માટે દહેરાસરજી વા ઉપાશ્રયે ૧૦૦ હાથ ઉપરાન્ત જઈને ૨૫ શ્વાસોચ્છવાસનો કાયોત્સર્ગ કરવો જોઈએ.

૧ સ્થાનથી ૧૦૦ હાથ ઉપરાંત જઈને વા આવીને ૨૫ શ્વાસોચ્છવાસ

૨. જીવહિંસાનું સ્વપ્ન આવતાં - ૧૦૦

૩. સ્વપ્નમાં ચતુર્થવ્રત ભંગ થતાં - ૧૦૮

૪ દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણમાં અનુક્રમે ૧૦૦-૫૦-૩૦૦-૫૦૦-૧૦૦૮ શ્વાસોચ્છવાસનો કાયોત્સર્ગ કરવો જોઈએ.

૫. ઉદ્દેશ- સમુદ્દેશ- અનુજ્ઞામાં ૨૭ અને પ્રસ્થાપના માં (સ્વાધ્યાય પ્રસ્થાપના) તથા પ્રતિક્રમણ (કાલ- પ્રતિક્રમણ) આદિમાં ૮ શ્વાસોચ્છવાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવાનો હોય છે.

૬ તપ પ્રાયશ્ચિત્તના આપત્તિસ્થાનો :—

તપાઈ અપરાધમાં આપત્તિસ્થાનો અગણિત છે

જેમાં અપાતો તપ સાત પ્રકારનો હોય છે.

૧. ભિન્નમાસ ૨ લઘુમાસ ૩ ગુરુમાસ ૪ ચતુર્લઘુ
૫ ચતુર્ગુરુ ૬ ષડલઘુ ૭ ષડ્ગુરુ

(૧) ભિન્નમાસનો અર્થ જિતવ્યવહારમાં વિનયત્યાગ એવો થાય છે. અને મૂલ્ય સવા વિશ્વા જેટલું છે. એટલે કે વિશ્વ- વિશ્વાના એક ઉપવાસના ૨૦મા ભાગ જેટલી એક ભિન્નમાસની કિમ્મત ગણાય.

(૨) લઘુમાસનો અર્થ જિતવ્યવહારમાં પુરેમાર્ધ થાય છે જેનું મૂલ્ય ૨ાા વિશ્વા એટલે ઉપવાસના ૮મા ભાગ જેટલું છે.

(૩) ગુરુમાસનો અર્થ એકાશન અને કિમ્મત ૫ વિશ્વા છે

(૪) ચતુર્લઘુનો અર્થ આયંબીલ અને કિ. ૧૦ વિશ્વા છે

(૫) ચતુર્ગુરુનો અર્થ ઉપવાસ અને કિંમત ૨૦ વિશ્વા છે

(૬) ષડલઘુનો અર્થ 'છટ્ઠ' એટલે સંલગ્ન બે ઉપવાસ થાય છે

(૭) ષડ્ગુરુનો અર્થ અઠ્ઠમ એટલે સંલગ્ન ત્રણ ઉપવાસ થાય છે

(૧) ભિન્નમાસનાં આપત્તિસ્થાનો :

(૧) અનાગાઢ યોગમાં ઉદ્દેશકને વિષે કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં અતિચાર લગાડે તો ભિન્નમાસ.

(૨) કાલના પડિક્કમે મંડલી (સૂત્ર- અર્થ- ભોજન) ની ભૂમિ ને પ્રમાર્જે.

(૩) પોતાના સહાયક બનાવવા માટે અથવા તો આહાર ઉપધિ - શય્યાનિમિત્તે પાસત્થા, અવસન્ના- કુશીલીયા, સંસક્તા અને યથાછંદા ઉપર મમત્વ કરે તો ભિક્ષુને ભિન્નમાસની આપત્તિ આવે છે.

(૪) એકેન્દ્રિયનો સંઘટ્ટો કરે તો ભિન્નમાસ આવે.

(૫) ઈત્વરસ્થાપિત (હાથમાં લઈ રાખેલ) સૂક્ષ્મ પ્રાભૃતિકા દોષ યુક્ત સસ્નિગ્ધ, સરજસ્ક, મિશ્રિત પ્રક્ષિપ્ત પૃથ્વી-જલ-વનસ્પતિ આક્રાંત, પૃથ્વ્યાદિ એ મિશ્ર પરંપરનિક્ષિપ્ત વનસ્પતિ મિશ્ર પરંપર નિક્ષિપ્ત- એ જ પ્રમાણે સ્થાપિત મિશ્ર-પરંપર વિહિત, મિશ્ર પરંપર સંહૃત પ્રત્યેક વનસ્પતિ ઉન્મિશ્ર અને વાયુ ઉન્મિશ્ર આહાર ગ્રહણ કરે તો ભિન્નમાસ આવે.

(૬) અતિપ્રમાદથી વારંવાર સહસાકાર અને અનાભોગથી અપરાધ કરે તો ભિન્નમાસ આવે.

(૭) જઘન્ય ઉપધિની પડિલેહણા ન કરે અથવા જઘન્ય ઉપધિને ક્યાંક પાડે અથવા ભૂલે પણ પછી ભૂલેલ મળી જાય તો ભિન્નમાસ. (જિનકલ્પીને પાત્રબંધ, પલ્લા, રજસ્ત્રાણ, અને રજોહરણ, સ્થવિર કલ્પીને પાત્રસ્થાન પાત્ર કેશરિકા, ગોચ્છક અને મુખવસ્ત્રિકા, સાધ્વીને સ્થવીર કલ્પી પ્રમાણે જ જઘન્ય ઉપધિ હોય છે-

(૮) મુખવસ્ત્રિકા છોડીને અવગ્રહ પ્રમાણ(શરીર પ્રમાણ) બહાર જવામાં આવે તો ભિન્નમાસ આવે

(૯) આહારનો કાલાતિક્રાન્ત- માર્ગાતિક્રાન્ત કરે તો ભિન્નમાસ આવે.

(૧૦) ક્ષુલ્લક સાધુ પાક્ષિક તપ ન કરે તો પણ ભિન્નમાસ આવે.

(૧૧) એક કાયોત્સર્ગ ગુરુઆજ્ઞા જુદો કરે, ગુરુઆજ્ઞ

પહેલા પાળે, અધુરો ધારે વા ભાંગે તો પ્રત્યેકનો

ભિન્નમાસ આવે.

(૧૨) એક વાદળનું અપૂર્ણ દે અથવા ભાંગે તો - ભિન્નમાસ આવે.

(૧૩) અશુષિર તૃણ દર્ભાદિ નિષ્કારણ ભોગવે તો ભિન્નમાસ આવે.

:: જિન કલ્પી તથા સ્થવીરકલ્પી અને આચાર્યની જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ ઉપધિનું સવિસ્તર વર્ણન નિશિથ-ચો જોએ પૃ.૩૦૦-૩૦૫ માં ઉદ્દેશો જોએ.

(૨) લઘુમાસના આપત્તિસ્થાનો:

આગાઢ યોગના અધ્યયન સંબંધિ કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં અતિચાર લગાડે, અનાગાઢ યોગમાં ઉદ્દેશક, ના અર્થ વિષે કાલાતિક્રમ - જ્ઞાનાચારમાં અતિચાર લગાડે તો ભિક્ષુ દશ ઘડી શંકા - કાંક્ષા વિચિકિત્સા, મૂઢદષ્ટિત્વ - અનુપબૃંહણ, અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અને અપ્રભાવના કરે અને ભિક્ષુ - સાધુનું ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના કરે, વૃષભ પોતાને સહાયક થશે એમ ધારીને તથા આહાર, ઉપધિ અને ઉપાશ્રયની પ્રાપ્તિ માટે પાર્શ્વસ્થા, અવસન્ના, કુશીલિઆ, સંસક્તા અને યથાછંદા ઉપર મમત્વ કરે, શ્રાવક અગર પોતાના જ્ઞાતિજનોનું પાલન કરે, તેમની સાથે સાંભોગિકપણાનો વ્યવહાર કરે, તેમનો સહવાસ કરે, સૂત્રાર્થ આપીને તેમનું વાત્સલ્ય

કરે, એકેન્દ્રિયજીવને અગાઢ પરિતાપ ઉપજાવે. વિકલેન્દ્રિય
અને અનંતકાયનો સંઘરો કરે, યાવત્ આધિક-ઉદ્દેશિક
ઉદ્દેશિકોદ્દેશિક, ઉદ્દેશ સમુદ્દેશિક, ઉદ્દેશાદેશિક, ઉદ્દેશ-
સમાદેશિક, ઉપકરણ પૂતિક ચિરસ્થાપિત પ્રકટકરણ,
લોકોત્તર પરાવર્તિક લોકોત્તર પ્રામિત્ય, મેખાદિપરાભાવ
કીત, નિષ્પ્રત્ય પાયસ્વગ્રામાહૃત, સપ્રત્યપાય, સ્વગ્રામાહૃત
દર્દરોદ્ભિન્ન જઘન્યમાલાપહૃત, યાવદર્થિકાધ્યવપૂર્વક,
સૂક્ષ્મચિકિત્સાકગુણસંસ્તવકરણ, પૃથ્વીમ્રક્ષિત (મિશ્ર
કર્દમ કે લવણની કાંકરી આદિથી ખરડાયલ) જલમ્રક્ષિત
(જલાર્દ્ર) ઉત્કૃષ્ટ પરિતમ્રક્ષિત (પ્રત્યેક વનસ્પતિ
આદિના રસ આદિથી ખરડાયલ) દાયકદુષ્ટ (બાલ
મૂઢ, મદમસ્ત ઉન્માદિ કે કમ્પ જ્વરાદિરોગીના
હાથે અપાયેલ) સચિત્ત પ્રત્યેક વનસ્પતિકાય ઉપર
પરંપર નિક્ષિપ્ત, અનંતર નિક્ષિપ્ત, પરંપર અને અનંતર
પિહિત અને સંહૃત પિંડ ગ્રહણ કરે, મધ્યમ ઉપધિની
પડિલેહણ ન કરે, અને પાડે કે ગુમાવે પણ પાછી
મળી જાય તો (જિન કલ્પીને ગૌચ્છક, મુખવાસ્તિકા, પાત્ર
કેશરિકા અને પાત્ર સ્થાપક) (સ્થાવર કલ્પીને પડલા,
રજસ્ત્રાણ, પાત્રબંધ, ચોલપટ્ટો, રજોહરણ અને માત્રક)
(સાધ્વીને પાત્રબંધ - પલ્લા, રજસ્ત્રાણ રજોહરણ માત્રક,
અવગ્રહાનંતક પટ્ટક, અર્ધોરુ કમલની કંચુક ઉત્કક્ષિકા,
વૈકક્ષિકા, અને કમઢક એ મધ્યમ ઉપધિ હોય છે)
કાલાતિક્રાન્તાદિ આહારપાણી અવિધિએ પરઠવે તો,
સાંજના પાણહાર વા ચઉવિહારનું પચ્ચક્ખાણ ન
કરે અથવા લઈને ભાંગે તો દ્વાદશભિક્ષુ પ્રતિમા
ગ્રહણ ન કરે તો અથવા ભાંગે તો સ્થાવર પાક્ષિક તપ.

તથા ક્ષુલ્લક ચાતુર્માસિક તપ ન કરે તો ઉચ્ચાર પ્રશ્રવણ
અને કાલ એ પૈકી કોઈ ભૂમિ ન પ્રતિલેખના કરે તો -
ગુરુ જીથી- બે બે કાયોત્સર્ગ જુદા પાળે, પહેલા પાળે,
ભાંગે, અધુરા પાળે, બે વાંદણા અપૂર્ણ આપે અથવા
ભાંગે, પ્રતિક્રમણમાં એક કાયોત્સર્ગ ન કરે - એક
વંદનક ન આવે તો - અચિત્ત લસણ કુંગળી વગેરે
પશુ-પક્ષી બાંધે- છોડે- તૃણપંચક દુષ્પ્રતિલેખિત,
દુષ્પંચક ચર્મપંચક વિનાકારણે ભોગવે, અન્ય -
ચૂર્ણિકારના મતે પુસ્તકના ભોગમાં પણ લઘુમાસ
ની આપત્તિ આવે છે.

3 ગુરુમાસના આપત્તિસ્થાનો

અનાગાઢ યોગમાં શ્રુતસ્કંધ વિષે અને આગાઢ
યોગમાં અધ્યયન વિષે કાલાતિક્રમ આદિથી દોષ
જ્ઞાનાચાર આદિમાં લાગે, વૃષભ દેશથકી શંકા-
કાંક્ષા-વિચિકિત્સા મૂઢદ્રષ્ટિત્વ, અનુપબૃંહણ, અસ્થિરી
કરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના કરે તથા સાધુનું
ઉપબૃંહણ, સ્થિરીકરણ વા પ્રભાવનાદિ ન કરે તો,
સંગાયક થશે એ પ્રમાણે વિચારી અથવા આહાર,
ઉપધિ, શય્યા માટે ઉપાધ્યાય એ પાસત્થા, અવ-
સન્ના, કુશીલીઆ, સંસક્તા, યથાછંદાદિ ઉપર મમતા
કરે, અને શ્રાવક અથવા પોતાના જ્ઞાતિ-
જનોનું પાલન કરે, તેમની સાથે સાંભોગિક વ્યવહાર
કરે, સહવાસ કરે, સૂત્રાર્થ આપી વાત્સલ્ય કરે,
એકેન્દ્રિય ~~જીવને~~ ... ગાઢ પરિતાપ
ઉપજાવે વિકલેન્દ્રિય અને અનંતકાયને અગાઢ
પરિતાપ ઉપજાવે, પંચેન્દ્રિયનો સંઘટ્ટો કરે, દ્રવ્ય-ક્ષેત્ર

કાલ-ભાવવિષયક જઘન્ય મૃષાવાદ, અદત્તાદાન, પરિગ્રહ સેવે, પાખંડ, અને શ્રવણાધ્યપૂરક, કૃતૌદ્દેશિક સમુદ્દેશિક, આદેશિક, સમાદેશિક, ભક્તપાન પૂર્વક માયાપિંડ, અનંતકાય વ્યવહિત- પિહિત આનિક્ષિપ્ત મિશ્ર અનંતકાય વ્યવહિત નિક્ષિપ્તપિહિત પીંડલ " ઉત્કૃષ્ટોપધિની પડિલેહણ ન કરે, પાડ- ગુમાવે અને પુનઃ મેળવે તો જઘન્ય ગુમાવે અને ન મેળવે ઋતુબદ્ધકાળમાં જઘન્યોપધિ ધોવે, વગેરે અને આચાર્યને ન કહે અને ન આપેલ ભોગવે, આજ્ઞાવગર બીજાને આપે તો, ભિક્ષુપાક્ષિક, સ્થવિર, ચાતુર્માસિક, ક્ષુલ્લક સાંવત્સરિક તપ ન કરે, મહા કાયોત્સર્ગ ગુરુજીથી જુદા પહેલા અધુરાપાળે- ભાંગે મહા વાંદણાં અપૂર્ણ દે- ભાંગે, પ્રતિક્રમણમાં બે વાંદણાં નદે, ન કરે, અને કાયોત્સર્ગ ન કરે, અપ્રતિલેખ્ય દુષ્પંચક વાપરે, ગુરુ આજ્ઞા વગર, પૂછ્યા વગર, સ્થાપનાકુલોમાં ગોચરી જાય, ધર્મકાર્યમાં શક્તિ ગોપવે, તો ગુરુમાસની આપત્તિ આવે છે.

:::(જિન- સ્થવિર કલ્પીને કલ્પત્રય, પતદ્ગ્રહ એ ચાર પ્રકારની) તથા (સાધ્વીને કલ્પત્રય નિવસ નિવસ્ય સંઘાટી સ્કંધકરણી, અને પાત્રક એ આઠ પ્રકારની ઉત્કૃષ્ટ ઉપધિ છે).

" ધર્મસંગ્રહ અધિકાર ત્રીજો પૃ. ૬૩"

૪.- ચતુર્લઘુના આપત્તિસ્થાનો.

અનાગાઢ યોગમાં અંગને વિષે અને અગાઢ યોગમાં શ્રુતસ્કંધવિષે કાલાતિક્રમ - આદિથી જ્ઞાનાચાર માં અતિચાર અને - -

સામાન્યથી સૂત્રાતિચાર લગાડે- અનાગાઢમાં દેશ
થી ભંગ લાગે, ઉપાધ્યાય દેશથી શંકાદિ ૮ અતિચાર
લગાડે તથા સાધુનું ઉપબૃંહણાદિ ન કરે, સહાયક
બનાવવા અગર આહારોપધિ આદિની પ્રાપ્તિ માટે
આચાર્ય કોઈ પાર્શ્વસ્થાદિ ઉપર મમતા કરે, શ્રાવક
કે પોતાના જ્ઞાતિજનોને પાળે, સાથે રાખે, સાંભોગિક-
પણું કરે, સૂત્રાર્થ આપી પ્રેમ કરે, એકેન્દ્રિયજીવને
ઉપદ્રવ કરે, વિકલેન્દ્રિય- અનંતકાયને ગાઢ પરિતાપ
કરે તથા પંચેન્દ્રિયને અગાઢ પરિતાપ ઉપજાવે, મધ્યમ
મૃષાવાદ, અદત્તાદાન, પરિગ્રહ કરે, યાવદર્થિક -
મિશ્રજાત, સૂક્ષ્મપ્રાભૃતિકા સ્વગામ તથા નિષ્પ્રત્ય-
વાય પરગામાહૃત કર્મોદ્દેશિક ધાત્રી, દૂતી, અતીત-
નિમિત્ત આ જીવનાવનિપક બાદર ચિકિત્સા
માન સંબંધી સંસ્તવ, વિદ્યા- મન્ત્રયોગ અને
ચૂર્ણાદિપિંડ પ્રગટકરણ- પ્રકાશકરણ દ્રવ્યક્રીત,
આત્મભાવક્રીત લૌકીક પ્રામિત્ય તથા પરાવર્તિત
પિહિતોદ્ભિન્ન, કપાટોદ્ભિન્ન, ઉત્કૃષ્ટમાલાપહૃત
આછિદ્ય અનિસૃષ્ટ, પુરઃ કર્મ, પશ્ચાત્ કર્મ, ગર્હિત-
દ્રવ્ય, મ્રક્ષિત પ્રત્યેક અવ્યવહિત પિહિત નિક્ષિપ્ત,
ઉન્મિશ્ર સહિત અપરિણત આહાર કરે, કારણે ન કરે
તો ચતુર્લઘુ સર્વ પાડે, ભૂલે પુનઃ મળે, મધ્યમ
ખોવે, ઋતુબદ્ધ કાળમાં મધ્યમોપધિ ધોવે, વહોરી
આચાર્યને ન કહે, આચાર્ય ભગવાનને ન આપ્યા
છતાં વાપરે અને આપેલ ઉપધિને પૂછ્યા વિના
બીજાને આપે તથા ઉપાધ્યાય, પાક્ષિક ભિક્ષુ,
ચાતુર્માસિક સ્થવિર સાંવત્સરિક તપ ન કરે તો,

સર્વ કાયોત્સર્ગ ગુરુ મહારાજથી જુદા કરે, પહેલાં પાળે, ભાંગે સર્વ વાંદણાં ભાંગે, ત્રણ વાંદણાં ન આપે, ત્રણ કાયોત્સર્ગ ન કરે, પુસ્તક પંચક રાખે અથવા વાપરે તો ચતુર્લઘુ આપત્તિસ્થાન આવે.

૫. ચતુર્ગુરુનાં આપત્તિસ્થાનો.

અગાઢ યોગમાં અંગવિષયક સૂત્રાર્થમાં કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં તથા સામાન્ય અર્થ વિષયક અતિચાર લાગે તો અપ્રાપ્ત (શ્રુતને પર્યાયથી) અપાત્ર તિંતિણીકાદિ અને અવ્યક્ત (શ્રુતને વ્રતથી) ને ઉદ્દેશ-સમુદ્દેશાદિ કરાવે અને પ્રાપ્ત પાત્ર વ્યક્તનો ન કરે, સૂત્રાર્થની વાચનાવખતે વાચનાચાર્યનું આસન ન પાથરે, સ્થાપનાચાર્ય ન સ્થાપે, વંદન અને કાયોત્સર્ગ ન કરે, અગાઢયોગમાં દેશથી ભાંગો લગાડે (વિગઈ વાપરી પછી કાયોત્સર્ગ કરે અગર પોતાની મેળે વિગઈ વિસર્જવણી કાયોત્સર્ગ કરી વાપરે, વિગઈ અને વિગઈ વગરનો આહાર એકે પાત્રમાં લે અને ના કહેતાં છતાં પણ 'સંદિસ્સહ કાઉસ્સગ્ગં કરેમિ' કહે) અનાગાઢ યોગમાં સર્વથી ભાંગો લગાડે, (આંબિલ ન કરે, વિગઈ વાપરે, દેશથી શંકાદિ આઠ અતિચારો લગાડે- અને મિથ્યાત્વની ઉપબૃંહણાદિ કરે, વિભાગની અપેક્ષાએ ઉપરના પદોમાં આચાર્યને જ ચતુર્ગુરુની આપ છો, સાધુને ઉપબૃંહણાદિ ન કરે, વિકલેન્દ્રિયને અનંતકાયને ઉપદ્રવ કરે, પંચેન્દ્રિયને ગાઢ પરિતાપ ઉપજાવે, ઉત્કૃષ્ટ મૃષાવાદ, અદત્તાદાન, પરિગ્રહ કરે,

ઝોળી, પાત્રાં, તરપણી, ઝરડલી વાસી રાખે, સૂંઠ
મરી વિગેરે સુકિ સંનિધિ રાખે, કર્મસમુદ્દેશ,
સમાદ્દેશ, આદ્દેશ, આધાકર્મિક, પાખંડિક, મિશ્રજાત
સાધુ મિશ્રજાત, બાદરપ્રાભૃતિકા લોભ સમત્યપાય,
પરમામાહત અનંતર અનંતકાય નિક્ષિપ્ત વિગેરે પિંડો
ગ્રહણ કરે તો સંયોજન દોષ કરે, અંગારદોષ દુષિત કરે,
દોડે, કૂદે, સ્પર્ધા કરતો ચાલે, અડોઅડ ચાલે, રમે
(જુગારાદિ) ઈન્દ્રજાલ દેખાડે, સમસ્યા પૂરે, પૂછે, -
પ્રહેલિકા- કોયડા પૂછે, ઉકેલે, ઉત્કૃષ્ટ પોકાર કરે,
કોલાહલ કરે, ગીત ગાય, છેલિત ખંડ કાવ્ય બોલે,
મોર, પોપટ વગેરે જેમ બોલે, રેંટ, ગાડી જૂર વગેરેનો
અવાજ કરે, ઈત્યાદિમાં તથા ઉત્કૃષ્ટ ઉપધિ ખોવે
તો ઋતુબદ્ધ કાળમાં ઉ-ઉપધિ ધોવે અને વહોરી
આચાર્યને ન જણાવે અને આચાર્યે ન આપેલ
વાપરે, આજ્ઞા વગર બીજાને આપે, રજોહરણ મુકી
અવગ્રહ (શરીર પ્રમાણ) બહાર જાય, મુહપત્તિ
ખોવે, કાલાતિક્રાન્ત- માર્ગાતિક્રાન્ત આહાર કરે,
આચાર્ય, પાક્ષિક, ઉપાધ્યાય, ચાતુર્માસિક, ભિક્ષુ
સાંવત્સરિક તપ ન કરે તો, સંપૂર્ણ આવશ્યક ન
કરે, સર્વથા વાંદણાં ન દે, દિવા ન જોએલ સ્થાને
રાત્રે સ્થંડિલ જાય, વિના કારણે દીવસે સૂએ, પક્ષ
કે ચાતુર્માસથી વધારે ક્રોધ રાખે, આસવ (મદિરા)
કંકોલ (તંબોલ) લવંગાદિ વાપરે, શેષ માયાઓમાં
માં (સ્વાદિષ્ટ વસ્તુ ગુપ્ત વાપરી નિરસ અરસ
આહાર આચાર્ય પાસે વાપરે, પોતે તપસ્વિ છે-
વિગઈનો ત્યાગી છે એવા યશને માટે) આ બધાનું

ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે.

૬ ષટ્લઘુનાં આપત્તિસ્થાનો :-

અગાઢ યોગમાં સર્વ થકી ભાંગો લગાડે, (આયંબીલના સ્થાને વિગઈ વાપરે) પંચેન્દ્રિયને ઉપદ્રવ કરે, તેલ-ઘૃતાદિ આર્દ્ર સંનિધિ રાખે, સર્વ ઉપધિ ખોવે, રજોહરણ ખોવે, ઋતુબદ્ધ કાળમાં સર્વ ઉપધિ ધોવે, સર્વ ઉપધિ વહોરી લાવી આચાર્ય મહારાજને ન જણાવે, આચાર્ય મહારાજે આપ્યા વિના સર્વ ઉપધિ વાપરે, ભોગવે અગર આચાર્ય મહારાજની રજાવગર બીજાને આપે અને આચાર્ય મહારાજ ચાતુર્માસિક તપ ન કરે અને ઉપાધ્યાય સાંવત્સરિક તપ ન કરે તો ષટ્ લઘુની આલોચના આવે.

(૭) ષટ્ ગુરુના આપત્તિસ્થાનો :-

દિવા ગૃહીતં, રાત્રૌ ભુક્તં, રાત્રૌ ગૃહીતં, દિવસે ભુક્તં, અને નક્તં ગૃહીતં નક્તં ભુક્તં, રાત્રિ ભોજનમાં આચાર્ય સાંવત્સરિક તપ ન કરે તો, ઉપર્યુક્ત સપ્તવિધ તપ ઉપરાંત, શાસ્ત્રમાં એક-કલ્યાણક અને પંચકલ્યાણક તપનો નિર્દેશ આવે છે ૧ નિવિ ૧ પુરિમુઢ ૧ એકાસણુ ૧ આયંબિલ ૧ ઉપવાસ નું સમુદિતનામ એક કલ્યાણક અને ૫ નિવિ-૫ પુરિમુઢ ૫ એકાસણું ૫ આયંબિલ ૫ ઉપવાસાત્મક તપનું નામ પંચ કલ્યાણક કહેવાય છે. કેટલાક આચાર્યો એક કલ્યાણકના સ્થાને બે ઉપવાસ-

અને પંચકલ્યાણકના સ્થાને ૧૦ ઉપવાસ આપવાનું વિધાન કરે છે.

## પંચ કલ્યાણકનાં આપત્તિસ્થાનો :

દર્પથી પંચેન્દ્રિયની હિંસા કરે, સંક્લિષ્ટ કર્મ કરે (હસ્ત કર્મ કરે) લાંબા કાળસુધી આધાકર્માદિ અધ્વ- કલ્પ સેવન કરે તો દીર્ઘ કાલ સુધી ગ્લાન કલ્પ સેવન કરે, ચોમાસામાં સર્વ ઉપાધિનો કાઠ કાઢે, ભિક્ષાપાત્રની પડિલેહણ ન કરે ચોમાસી કે સાંવત્સરિક આલોચનામાં નિરતિચાર હોવા છતાં પંચ કલ્યાણક અપાય છે.

## છેદ આપત્તિમાં પણ તપ અપાય છે :-

સામાન્ય નિયમ પ્રમાણે જ્યાં જે પ્રાયશ્ચિત્ત અપાતું હોય ત્યાં તે જ અપાય છે, પણ અપવાદ રૂપે ક્વચિત છેદાપત્તિમાં તપ પણ અપાય છે- ઉદાહરણ:- જે સાધુને છેદ પર શ્રદ્ધા ન હોય, પર્યાયછેદથી પશ્ચાત્તાપ ન થતો હોય લાંબા- પર્યાયથી- પર્યાય છેદથી ડર ન હોય- તેવા સાધુને છેદને બદલે તપ આપવું "છેદ" પ્રતિસેવનાથી દૂષિત થયેલ દીક્ષાપર્યાયને કાપી નાખવો તેનું નામ છેદ છે.

## ૭ છેદ પ્રાયશ્ચિત્તનાં આપત્તિસ્થાનો :-

જે તપોગર્વિત હોય (છમાસાદિતપ કરનાર હોય અને તપથી ડર ન હોય) બાળગ્લાન હોવાથી તપ કરવા અસમર્થ હોય અને જેને તપ

ઉપર શ્રદ્ધા ન હોય અથવા જેનું તપથી દમન ન થતું હોય અને વારંવાર અપરાધ કરતો હોય, જે અતિ પરિણામી હોય, ઘણા ઉત્તરગુણોથી ભ્રષ્ટ હોય, વારંવાર છેદાપત્તિ કરતો હોય, સંવિગ્ન સાધુઓની સાર કરનાર પાસત્થાદિ કે નિત્યવાસી હોય જે ઉત્કૃષ્ટ તપોભૂમિ ઓળંગી ગયો હોય (પ્રથમ પ્રભુના શાસનમાં ૧ વર્ષ બીજે બાવિશ પ્રભુમાં ૮ માસ ચોવિશમા પ્રભુના શાસનમાં ૬ માસ એ ઉત્કૃષ્ટ ભૂમિ છે) પંચરાત્ર્યાદિકની વૃદ્ધિએ છ માસ અથવા જ્યાંસુધી તેનો પર્યાય બાકી રહે ત્યાંસુધી છેદાર્હ આપત્તિ છે.

૮ <u>મૂલના આપત્તિસ્થાનો</u> :—

મૂલ = પ્રતિસેવના વશ દૂષિત થયેલ પર્યાય ને મૂળથી કાપી પુનઃ મહાવ્રતોનું જે અર્પણ કરવું તેનું નામ મૂલ :—

વિચારપૂર્વક જે પંચેન્દ્રિયની હિંસા કરનાર, દર્પથી મૈથુન સેવનાર, તથા વારંવાર ઉત્કૃષ્ટ મૃષાવાદ, અદત્તાદાન, પરિગ્રહની પ્રતિસેવના કરનાર, તપોગાર્વતાદિ મૂલોત્તરગુણમાં વારંવાર ભાંગો લગાડનાર દર્શન તથા ચારિત્ર વમનાર અને તેના કૃત્યોને ત્યાગ કરનારે તથા નવિન શિષ્યને અત્યંત અવસન્ન તથા અન્ય વેશ (લિંગ) ધરનાર, ગર્ભપાતનાદિ મૂલકર્મ કરનારને તપ-છેદ- મૂલનું ઉલ્લંઘન કરેલને અનવસ્થાપ્ય પારાંચિતને પ્રાપ્ત કરેલ ને છેદથી પૂર્ણ પર્યાય કપાયેલને

અનવસ્થાપ્ય અને પારાંચિત પામનારને તે પૂર્ણ કર્યા બાદ મૂળ આપવું, વારંવાર મૂલાપત્તિ કરનાર મુનિને મૂલ પ્રાયશ્ચિત આપવું-----

૮ અનવસ્થાપ્યનાં આપત્તિસ્થાનો :—

પ્રદુષ્ટ મનવાળો થઈ ઉત્કૃષ્ટ તથા વારંવાર ચોરી કરનાર ઘોર પરિણામી થઈ સાધુઓને નિર્દયતાથી મુષ્ટિ- લાકડીના પ્રહારો કરનાર, સર્વ પ્રકારના પારાંચિત અને અનેક પ્રકારની અનવસ્થાપ્યની આપત્તિઓનો પ્રસંગ કરનાર ઉપાધ્યાયને લિંગ-ક્ષેત્ર-કાળ તપ વડે અનવસ્થાપ્ય કરાય છે.

૧ લિંગ અનવસ્થાપ્ય.

પૂર્વાપરાધીથી નિવૃત ન થાય ત્યાંસુધી દ્રવ્યલિંગ (સાધુવેશ) અને ભાવલિંગ (મહાવ્રત) માટે અયોગ્ય ગણાય છે.

૨. ક્ષેત્ર અનવસ્થાપ્ય

જે જે ક્ષેત્રોમાં દૂષિત થયા હોય તે તે દેશોમાં નિષેધ્યા છે. અર્થાત તે તે ક્ષેત્રમાં - અનવસ્થાપ્ય છે.

૩. કાલ અનવસ્થાપ્ય.

જેટલા કાળસુધી અપરાધથી નિવૃત્ત ન થાય તેટલા કાળસુધી અનવસ્થાપ્ય છે.

૪. તપો અનવસ્થાપ્ય

બે ભેદ છે આશાતના તપો અનવ૦ પ્રતિસેવના તપો૦ અનવસ્થાપ્ય,

જઘન્યથી ૧ વર્ષ ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ. પ્રતિસેવના તપ અનવસ્થાપ્ય છે. કારણવિશેષે સર્વ પ્રકારના અનવ૦ ને થોડું, બહુ થોડું પ્રાયશ્ચિત આપવું, કારણવશાત સંઘ તેને પ્રાયશ્ચિત મુક્ત પણ કરી શકે.

તપો અનવસ્થાપ્ય= અમુક કાળ માટે ગચ્છનો (સ્વગચ્છનો) ત્યાગ કરી પરગચ્છને સ્વીકારી એક ક્ષેત્ર અને એક ઉપાશ્રયમાં એકલવાયુ રહે, શિષ્યને વંદન કરે પણ વંદન કોઈથી ન લે, જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પરિહાર તપ કરે (ઉનાળામાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ૧-૨-૩ ઉપવાસ શિયાળામાં ૨-૩-૪ ઉપવાસ, ચોમાસામાં ૩-૪-૫ ઉપવાસ કરે) પારણે આયંબીલ કરે ગચ્છ સાથે તેનો સંવાસ કલ્પે, સંભાષણાદિ કલ્પે નહિ.

૧૦ <u>પારાંચિતનાં આપત્તિસ્થાનો</u> :—

તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, મહર્દ્ધિક ગણધરની અભિનિવેશથી વારંવાર આશાતના કરનાર, આચાર્ય પારાંચિતને મેળવે, જે સ્વલિંગ (સાધ્વી- કામુક) કષાય દુષ્ટ અને વિષયદુષ્ટ હોય, રાજમારક હોય, રાજાગ્રમહિષ્યાદિ સેવિત હોય, પ્રગટપણે વારંવાર પારાંચિત યોગ્ય અપરાધ કરનાર હોય, જે અન્યોન્ય સેવી (મુખ-ગુદાથી મૈથુનકારી) હોય અને જે છેલ્લી હદની (પારાંચિત) આપત્તિઓમાં વારંવાર સપડાતો હોય

તેને લિંગ (પારાંચિત) કરવો (વેશ ઝૂંટવી લેવો)
જે થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો હોય તેનો પણ વેશ લઈ લેવો,

પારાંચિતના ચાર પ્રકાર, ૧ લિંગ, ૨ ક્ષેત્ર, ૩ કાલ ૪, તપ- તેમાં પ્રગટ સેવિ અને થીણદ્ધિના ઉદયવાળાને લિંગ (પારાંચિત) કરવો.

વસતિ (ઉપાશ્રય) નિવેશન (એક પ્રવેશ-નિર્ગમનવાળા જે આદિ ઘરોનો જથ્થો) પાટક (પાડો - શેરી - ગલ્લી - મહોલ્લો) શાખી (શેરી) નિયોગ (રાજકુલ પ્રદેશ) નગર, દેશ અને રાજ્યમાં જેણે જ્યાં અપરાધ કર્યો હોય, તેને ત્યાંથી કાઢી મુકવો તે ક્ષેત્ર પારાંચિત.

જ્યાં દોષ થયો હોય અગર થશે, ત્યાંથી અગર કુલ- ગણ- સંઘના સ્થાનથી કાઢી મુકવો તે પણ ક્ષેત્ર પારાંચિત.

જેટલા કાળ સુધી દોષ દૂર ન થાય ત્યાં સુધી કાઢી મુકવો તે કાળ પારાંચિત.

તપ પારાંચિતના બે ભેદ- આશાતના અને પ્રતિસેવના પારાંચિત (તપ પારાંચિત)

જિન કલ્પિનીત ક્ષેત્રથી અર્ધયોજન બહાર જ્યાં જ્યાં આચાર્ય વિચરે ત્યાં ત્યાં વિચરે અને વિપુલ તપ કરે, એક આચાર્ય અગર અન્ય સાધુ તેની દેખરેખ કરે - [બિમારી આદિમાં આહાર પાણી લઈ જઈને તેઓને આપે]

તપોઅનવસ્થાપ્ય અને તપઃ પારાંચિત

એ બન્ને ચૌદ પૂર્વધર "શ્રીભદ્રબાહુસ્વામિન્"
સાથે વિચ્છેદ થયાં છે. શેષ ૨-૨ અનવસ્થાપ્ય
તથા પારાંચિત પ્રાયશ્ચિત્ત તીર્થ પર્યન્ત રહેશે.

ઇતિ.

ૐ શાન્તિ.

વિક્રમ સંવત :- ૨૦૦૩ ચૈત્ર વદી ૫ - પાટણ
તપાગચ્છ ભંડારની તાડપત્રિકા ઉપરથી
નં ૧૮ ( મુનિ કાન્તિવિજય મહારાજ )

| | | | |
|---|---|---|---|
| લઘુ પંચક | ગુરુ પંચક | લઘુ દશક | ગુરુ દશક |
| ૨॥ | ૫ | ૭॥ | ૧૦ |
| લઘુ પંચદશ | ગુરુ પંચદશ | લઘુ વિશાંતિ | ગુરુ વિશાંતિ |
| ૧૨॥ | ૧૫ | ૧૭॥ | ૨૦ |
| લઘુ પંચવિશાંતિ | ગુરુ પંચવિશાંતિ | લઘુ માસ | ગુરુ માસ |
| ૨૨॥ | ૨૫ | ૨૭॥ | ૩૦ |
| | દ્વિમાસ લઘુ | દ્વિમાસ ગુરુ | |
| | ૪૫ | ૬૦ | |
| ત્રિમાસ લઘુ | ત્રિમાસ લઘુ | ચતુર્માસ ગુરુ | ચતુર્માસ ગુરુ |
| ૭૫ | ૯૦ | ૧૦૫ | ૧૨૦ |
| પંચમાસ લઘુ | પંચમાસ લઘુ | ષણ્માસ ગુરુ | ષણ્માસ ગુરુ |
| ૧૩૫ | ૧૫૦ | ૧૬૫ | ૧૮૦ |

| સંજ્ઞા | ભિન્નમાસ | લઘુમાસ | ગુરુમાસ | ચતુર્લઘુ | ચતુર્ગુરુ | ષડલઘુ | ષડગુરુ |
|---|---|---|---|---|---|---|---|
| લિપિ | ૫ | ૦ | ૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦ ૦ ૦<br>૦ ૦ ૦ | ૦ ૦ ૦<br>૦ ૦ ૦ |
| આપત્તિ | ૨૫ ઉ | ૨૭॥ ઉ | ૩૦-ઉ | ૧૦૫ ઉ | ૧૨૦ ઉ | ૧૬૫-ઉ | ૧૮૦-ઉ |
| દાન | મુક્કલ નિવિ | પુરિમાર્ધ | એકાસણું | આયંબીલ | ઉપવાસ | છઠ્ઠ | અઠ્ઠમ |
| વિશાપક | ૧ ૧/૪ | ૨ ૧/૨ | ૫ | ૧૦ | ૨૦ | ૪૦ | ૬૦ |

આચાર્ય શ્રી

| ઉપધાનની આલોયણા | માણેકસૂરિજી | કુમુદસૂરિજી |
|---|---|---|
| જુઠું નિકળે | ૫ નવકારવાળી | |
| સ્ત્રી પુરુષ સંઘટ્ટ | " " | ૦।। ઉપવાસ |
| દીવો-વનસ્પતિ-પાણી સંઘટ્ટ | " " | |
| કાનમાંથી કલેવર નિકળે | " " | |
| તિર્યંચ સંઘટ્ટ | " " | એકાસણું |
| કાળે કાંબળી વગર જાય | " " | ૦૧ ઉપવાસ |
| બેઠા ખમાસમણ ઉપધાનમાં | " " | ૦૧ ઉપવાસ |
| વિલેપન તેલ માલીસ | " " | ૦૧ " |
| નવકારવાળી ગણતાં બોલે | ૧ " | |
| મુહપત્તિ કે ચરવળાની આડ | એકાસણું અથવા પાંચ નવકારવાળી | ૦।। ઉપવાસ |
| મોઢામાંથી એંઠું નિકળે | ૫ નવકારવાળી | |
| નવકારવાળી ભૂમિ ઉપર પડે | " " | |
| બેઠા પ્રતિક્રમણ કરે | એકા. આયં. | ૦૧ ઉપવાસ |
| ઈરિયાવહી ભૂલે | " | ૦૧ " |
| છુટા એકાસણામાં ઉલટી | " | ૦૧ " |
| " કાચુ પાણી વાપર્યું | " | ૦૧ " |
| બંગાડી કૂદે | " | ૦૧ " |
| સામાયિક ભૂલથી વહેલુ પાળે | " ત્રણ સામાયિક | |
| ભૂલથી કાચુ પાણી પીવાય | ૫ નવકારવાળી | " |
| કીડી મરે | " | ૦૧ " |
| રાત્રે કુંડલ કે માથું ન બાંધે | " | ૦૧ " |
| નવકારવાળી ગણતા પડે | " | |
| સાંજે ગુરુવંદન રહી જાય | " સાગરાનંદ સૂરિ | |
| ચોમાસામાં વાડામાં સ્થંડિલ | " નવકારવાળી | |
| દિવસે શયન | " " | ૦૧ ઉપવાસ |

| | | |
|---|---|---|
| આઘાની આડ | ૫ નવકારવાળી | |
| સ્થાપનાજી પડે | આયંબીલ | |
| એંઠા મુખે બોલે | ,, | ૦૨ ઉપવાસ |
| પડિલેહણ કરતાં બોલે | ,, | ૧૦૦ સ્વાધ્યાય |
| વાડામાં સ્થંડિલ | ,, | ૦।। ઉપવાસ |
| ખીલીયાનો કાપ | ,, | ૦૧ ,, |
| માત્રુ પરઠવવાનું રહીગયલ હોય | ,, | ૦।। ,, |
| સ્થાપનાજી ખોલ્યા સિવાય પચ્ચક્ખાણ પાળે | ,, | ૦૧ ,, |
| ખોરાકમાં માખી નિકળે | ,, | ૦।। ,, |
| માખી દાળમાં પડીમરી જાય | ,, | ૦।। ,, |
| સ્થાપનાજી ભૂમિ ઉપર પડી રહ્યાં | ,, | ૦।। ,, |
| અન્તરાયવાળી સ્ત્રી નહાય - સાબુ વાપરે કપડાં ધુવે | ,, | ,, |
| વગર પડિલેહણની કામળી વાપરે | ,, | ૦૧ ,, |
| ચરવળાની દાંડી તુટે | ઉપવાસ | ૦।। ,, |
| મુઠી સહિયં પચ્ચક્ખાણ ભાંગે | ,, | ૧ ચાપટર ,, |
| ઈન્જેકશન લીધું | ,, | ૦૧ ઉપવાસ |
| ટેલીફોન કરાવ્યો | ,, | ૦૧ ,, |
| વસ્ત્ર ખોવાય | દિવસ પડે | ઉપવાસ |
| ઘડીયાળના કારણે સૂર્યાસ્ત પછી પાણી પીવાય | ,, ,, | ,, |
| માથામાંથી જું નિકળે | ૧૦ કાઉસગ્ગ | |
| પરંપરાએ અગ્નિ સંઘટ્ટ | ૨ નવકારવાળી | |
| ,, સ્ત્રી પુરુષ ,, | ૨ ,, | |
| રાત્રે સ્ત્રી સાથે સ્વપ્નમાં મૈથુન | કુસુમિણ સાગરવર | કુસુમિણ કાઉસ્સગ્ગ |

અંતરાયના દીવસ પડે તો તે ઉપધાનમાં વધારે આપવાના.

આચાર્ય દેવશ્રી
પ.પૂ. આગમોદ્ધારક
આચાર્ય દેવશ્રી
આનંદસાગરસૂરિ
શ્વરજી મ.સા.

# આલોચના વિધિ

| | |
|---|---|
| ધાતુ સંઘટ્ટો એક વખત | ૧ નવકારવાળી |
| આખા દિવસમાં વારંવાર થાય તો | ૧૦ " |
| વિકલેન્દ્રિય - પંચેન્દ્રિય સંઘટ્ટો | ૫ " |
| લિલોતરીનો | ૫ " |
| વાડામાં સ્થંડિલ શેષકાલે ચોમાસામાં | ૧ આયંબિલ |
| મુહપત્તિની આડ | ૫ નવકારવાળી |
| તિર્યંચ સંઘટ્ટો | ૫ " |
| સ્ત્રી " | ૫ " |
| પરંપરા સ્ત્રી " | ૨ " |
| ઈરિયાવહી ભૂલે | ૨ " |
| કાલ વીતે ગોચરી વાપરે | ૫ " |
| કપડાં ખોવાય જઘન્ય | ૫ " |
| " " વધારે | ૧ આયંબિલ |
| પડિલેહણ રહ્યું | ૫ નવકારવાળી |
| દશ નવ ગાથાએ ૧ ઉપવાસ | વળે |
| આલોયણ વગર વાપર્યું | ૧ એકાસણ |
| બેઠા પ્રતિક્રમણ | ૧ " |
| પચ્ચક્ખાણ પારવું ભુલાયું | ૧ " |
| ઉઘાડા પોરસી ભૂલે | ૧ " |
| ઉલટી વમન થાય તો | ૧ " |
| રાત્રે સ્થંડિલ | ૧ " |
| ચઉરિન્દ્રય સુધી વિરાધના | ૧ " |

| | | |
|---|---|---|
| અશુદ્ધ ગોચરી- વાપરીને | ૧ | એકાસણ |
| ચૈત્યવંદન આધાકાધી વિ. ભૂલે | દિવસ પડે ૫ | નવકારવાળી |
| અશુદ્ધ વસતિમાં ક્રિયા | એક. ૧ | નવકારવાળી |
| દાણો ઝોળી કે દાંતમાંથી નીકળે | ,, ૧ | ,, |
| અડચણમાં દેવ, ચૈત્યવંદન ભૂલે | ,, ૧ | ,, |
| પડિલેહણમાં બોલે જોગમાં | ,, ૧ | ,, |
| જ્ઞાન આશાતનામાં | ,, ૧ | ,, |
| દેવ ,, | ,, ૧ | ,, |
| ગુરુ ,, | ,, ૧ | ,, |
| દેરાસર દર્શન ન કર્યું | ,, ૧ | ,, |
| ઉખલ મુશલ દાને | ,, ૧ | ,, |
| નવકારવાળી ગુમાવે | ,, ૧ | ,, |
| લોટ- તરપણી ભીના રહ્યા | | |
| – – જઘન્ય | ,, ૧ | ,, |
| ,, ,, ,, વધારે | ,, ૧ | આયંબિલ |
| રાત્રિની પોરસી | ,, ૧ | ,, |
| પાતરાં- તરપણી ફૂટે | ,, ૧ | ,, |
| સ્થાપનાજી પડે | ,, ૧ | ,, |
| માત્રુ જેઘડી ઉપર રહે | ,, ૧ | ,, |
| દ્વિદળ વાપર્યું | ,, ૧ | ,, |
| પડિલેહણના આદેશ ભૂલે | ,, ૧ | ,, |
| ઉપવાસમાં કાચું વાપરે | ,, ૧ | ,, |
| પંચેન્દ્રિયની વિરાધના | | |
| સંયોગાનુસાર ક્રમ જુદા | છઠ | |

| | |
|---|---|
| કાપ | છઠ્ઠ |
| અડચણનો કાપ | ,, |
| ડૉક્ટરનો સંઘટ્ટો બીજા કે સાધ્વીજી | ,, |
| પાણીમાં ચુનો નાખવા ભૂલે | અઠ્ઠમ |
| મિશ્ર ગોચરી | ૧ કે એકાસણું |
| દેવદર્શન જોગમાં ન કરે તો | દિવસ પડે |
| પચ્ચક્ખાણ પારવું ભૂલે | ,, |
| ઉઘાડા પોરિષી ભૂલે | ,, |
| રાત્રિની ,, ,, | ,, |
| ઉલટી-વમન થાય | ,, |
| રાત્રે સ્થંડિલ જાય | ,, |
| વાપરીને ચૈત્યવંદન ભૂલે | ,, |
| પુરુષ સંઘટ્ટો | ૨ નવકારવાળી |
| મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ ભાંગે | ચઉવિહાર ઉપવાસ |
| ત્યાગેલી વિગય વાપરે | ત્રણ દિવસ બીજી વિગય સાથે તે ત્યાગ |
| શય્યાતર ગોચરી વાપરી,પરઠવે | જઘન્ય ઉપવાસ |
| સામાયિક વગર રાઈઅ પાળે | ૫ સામાયિક. |

## જૂના પત્રની આલોયણ વિધિ

| | |
|---|---|
| દેવ વંદન અકરણે | : પુરિમઢ્ઢ |
| દેવ પૂજા ભંડગે | ,, |
| અનન્તકાય ભકગે | ૧ ઉપવાસ ,, |
| બાદર એકેન્દ્રિય | ૧ ,, |
| દ્વીન્દ્રિય | ૨ ,, |
| ત્રીન્દ્રિય | ૩ ,, |

| | |
|---|---|
| ચતુરિન્દ્રિય | ૪ ઉપવાસ |
| પચ્ચેન્દ્રિય ઉપદ્રવે | ૧૦ " |
| જઘન્ય મૃષાવાદ | પરિમઢ |
| ઉત્કૃષ્ટ " | ૧૦ ઉપવાસ |
| ચતુર્થ વ્રત ભઙ્ગે | ૩ " |
| પરસ્ત્રી - હીનજાતિ | ૧૦ " |
| પૌષધ ભઙ્ગે | ૩ " |
| ઉત્તમ સ્ત્રી ગમને | ૧ લાખ સજ્ઝાય |
| પરિગ્રહ ભઙ્ગે | ૧ " " |
| રાત્રિ ભોજન | ૧ ઉપવાસ |
| દિશિ વ્રત ભઙ્ગે | ૧ " |
| મિથ્યાત્વ વ્રત ભઙ્ગે | ૧ " |
| એકે સુવાવડે | ૧ " |
| ઉત્કૃષ્ટાલોચના | ૪ " |
| મધ-માંસ મક્ષણ ભક્ષણે | ૧૦ " |
| અનન્તકાય ભક્ષણે | ૧ " |
| કલહ કરણે | ૧ " |
| અનાજ ચોરી | ૧ " |
| વસ્ત્ર ચોરી | ૧ " |
| ચોરેલી વસ્તુ ---- | ૧ " |
| કલહયુક્ત ચોરી | ૩ " |
| સ્ત્રી નિયમ ભઙ્ગે | ૧૦ " |
| વેશ્યા " " | ૧૧ " |
| હીન- પરસ્ત્રી- વેશ્યા-કુમારી | ૧૦ " |
| મૈથુન ચિન્તા | ૩ આયંબિલ |
| દૂતીપણું કરે | ૧ ઉપવાસ |

| | |
|---|---|
| પરસ્ત્રીનું ઘર માંડે | ૧૦ ઉપવાસ |
| દ્રષ્ટિરાગ ધરે | ૨ " |
| પસ્તાવો કરે | ૧ આયંબિલ |
| પરિગ્રહ વ્રત ભંગે | ઉ-૧-૧૦ |
| દર્શનાતિચાર | ઉ-૧ |
| પ્રતિમાને દીવો લાગે.- નવકાર ૧ લાખ, સ્નાત્ર-૧ પૂજા | |
| પ્રતિમા ભંગે | ૧૦ ઉપવાસ |
| " અંગુલી ભંગે.- નવકાર ૩ લાખ-ઉપવાસ-૧-૧૦ | |
| અપૂજ્ય પ્રતિમા ભોજને | ઉપવાસ-૧૦ |
| સ્થાપના અપ્રતિલેખને | " ૧ |
| " ગુમાવે | " ૩ |
| દેવ-ગુરુ અવંદને | નિવી- ૧ |
| કરોળિયા ઘરભંગે | ૧૦ ઉપવાસ |
| અળગણ પાણી પીવે ઉ. વસ્ત્ર ધુએ તો (૧૦ઉ) ૩ | " |
| શ્રાપ દીધે | ૧ " |
| રાત્રે સ્નાન કરી સૂવે | ૨ " |
| ઘંટી-મુશલ આદિ આપે તો | ૧૦ " |
| કોઈ કારણે કુલેશ કરે તો. | ૧૦ " |
| ખાટલા તડકે નાખે | ૧૦ " |
| ચકલાના માળા ભાંગે | ૧૦ " |
| કલંક-ચોરી રાજા દંડાવે | ૧૦ " |
| ખોટું કલંક | ૨ " |
| જું લીખ મારે | ૨ " |
| અતિભાર લાદે | ૨ " |
| અણશોધ્યું ધાન રાંધે | ૧-૩-૧૦ " |
| અળગણ પાણીએ ધુએ | ૧૦ " |

| | |
|---|---|
| આરંભ- કુવા-વાવ વગેરે ખોદાવિએ | ૧૦ ઉપવાસ. |
| પચ્ચક્ખાણ ભાંગે | ૧ ,, |
| ઉજ્જેહી કારણે | ૧ ,, |
| ગંઠસી ભંગે | ૧૦૦૦ સજ્ઝાય |
| જ્ઞાનાશાતનાએ જ- ઉ | એ - આં |
| દર્શનાશાતનાયામ જ- ઉ | પુ - ઉ |
| દર્શન શંકાયામ | આં - ઉ |
| દેવ- ગુરુ- પુસ્તક- સંઘ- તપસ્વી- સાધુ- શ્રાવક - | |
| સમાચારી આશાતનાએ - - | આં- ઉ. |
| હરિહરાદિક દેવને પૂજે તો | ઉપવાસ |
| પરિવ્રાજક- પાંખડીને નમે તો | ,, |
| સંક્રાન્તિ- ગ્રહણ- સ્નાનધર્મ | ,, |
| ઋતુએ- શ્રાદ્ધ- સંવત્સરી માંડવે કરીને ઉતાર મુકવો, દ્વાદશી પ્રદાન દેવે ધર્માર્થિઓએ- | ૧ ઉપવાસ |
| એકેન્દ્રિય વિરાધનાએ - | - ૧ પુરિમડ્ઢ |
| સામાયિક બેઠાં અભિગ્રહ લીધાં પૃથ્વી, પાણી તેઉ- વાઉ- વનસ્પતિ અરણે સંઘટ્ટે- | ૧ પુરિમડ્ઢ |
| સાધુ- સાધ્વી અસુઝતો આહાર દેવાથી - | ૧- ઉપવાસ |
| અપ્રત્યય પિડાએ | ૧ નીવિ |
| નિષ્કારણ અનંતકાય સંઘટ્ટે | ૧ ભક્ત |
| બેઇન્દ્રિય ઉપર બેસે | ૧ ઉપવાસ |
| તેઇન્દ્રિય ,, ,, | ૧ ,, |
| ચઉરિન્દ્રિય ,, ,, | ૧ ,, |
| એકવાર ધર્મ લેખે | ૧૦ ,, |
| કલંક દેવે, ચાડી કરી દંડાવે | ૧૦ ,, |

| | |
|---|---|
| | જ-ઉ. |
| પંચેન્દ્રિય અલ્પ પિડાએ | ૦-પુ |
| ,, ઉપર બેસવાથી | ૦-ઉ |
| ,, પ્રમાદે | ૦-૩ઉ |
| ,, નિર્જીવ થાય તો | ૦-૧૦ઉ. |
| સંખારો સુકવે | ૧-૧૦ઉ. |
| અળગાણ પાણી એકવાર પીએ | ૧ઉ-૨-ઉ |
| ગુમડાદિ ઉપર જળો મુકાવે | ૧ઉ |
| ઘોડીએ - પોંડીએ | ૧ આયંબિલ |
| ચોન્યાદિ છેદવે | ૧૦ ઉપવાસ |

—॥૦॥—

## બીજાવ્રતે આલોયણા

કન્યાદિ પાંચ જુઠાં બોલે   જ-૧ઉ. ઉ.૧૦ઉ.

ખાળ કુંડીઓ, કીડીના દરો, જવાકુલ ભૂમિએ ઉનું પાણી નાખવે, અણશોધ્યા ઈંધણ બાળે, સડ્યા ધાન દળવે, ખાંડવે, ભરડે, ઉકરડા-બાળવે, ક્ષેત્ર ખૂડણ કરવે, કાઉઘાસવે, -લીખ ફોડવે, જુ - કાંકસી કરી નાખવે, કરમીયાના ઓસડ કરે, વરસાદે દીવો ન ઢાંકે, વાસીગારથી લીંપે, વાસી છાણાં થાપે, ચકલાના માળા ભાંગે, અણશોધ્યાં વસ્ત્ર ધોતાવડે, રાત્રે સ્નાન કરે, ખેરી, ચૂલો, બારણી અણપુંજે, ખાટલા તડકે નાખે, મુકે, સોય ખોવે- જઘ-૧ઉપ. ઉત્કૃ. ૧૦ ઉપ.

| | |
|---|---|
| એકવાર ધર્મ લખે | ૧૦ ,, |
| કલંક દેવે, ચાડી કરી હંડાવે | ૧૦ ,, |
| દાણ ચોરીએ - જઘ. પુ. ઉત્કૃ. ઉપ. | |

| | |
|---|---|
| ગણિકા ગમને યા નિયમભંગે - | જઘ. ૩ ઉપ. |
| " " " " | ઉત્કૃ૦ ૧૦ ઉપ. |
| તીવ્ર આલાપ-સંલાપે - | જ. ૧-૩-૧૦ ઉ |
| ચૌદ નિયમ ભંગે | એકા. ૧ " |
| વસ્ત્રાભરણ નિયમભંગે | જ. પુ - ઉ. આં |
| પુરુષ સ્ત્રી સંઘટ્ટે | ૧ ભત્ત - " |
| રાજકથાએ | પુરિમઢ |
| દેશાવગાસિક ભંગે | " આં |
| પૌષધ ભંગે | આં - ઉ. |
| અતિથિ સંવિભાગ ભંગે | પુ - ઉ. |
| પ્રતિમાચા આકારભગ્ને | ૧ ઉ - ૧૦ ઉ |
| ચિત્રામણ ભગ્ને | ૧ " - ૧૦ " |
| અન્ય આકારભગ્ને | ૧ " - ૧૦ " |
| વિશ્વાસઘાતે | ૧ " |
| સ્ત્રિ બલાત મૈથુન્યે | ૧૦૮ ઉપ. |
| મૈથુનાદિ અશુભ ચિન્તવે | ૧ ઉપ. |
| સુવાંવડ કરે તો વહેલું જળ આવે | ૧૦ ઉપ. |
| ઢીંગલા - ઢીંગલી સાથે ક્રીડા કરે | પુરિમઢ |
| " ગુંથે | ૧ ભત્ત |
| " ખેલવે | ૧ આયં. |
| જલ-સ્થલ-ઊર્ધ્વ અધિક ગમને | ૧ " |
| રાત્રિ ભોજને | ૧ ઉપ. |
| લગભગ વેળાએ વાળુ કરે અથવા જળ ઝોજણે-જમે તો | ૧ આયં |
| અજાણે મધ-માંસ-માખણ ખાય - | ૧ ઉપ. |
| ડર રાખીને જાણીને ખાય | ૧ ઉપ. |

| | |
|---|---|
| સ્વાદે ખાય તો | ૧૦૮ ઉપવાસ |
| ૩૨ અનંતકાય ૨૨ અભક્ષ્ય વાપરે | ૧૦ ” |
| ૧૫ કર્માદાન નિયમ ભંગે | ૧૦ ” |
| યન્ત્રકરણે | ૧ ” |
| સર- દહ- તળાવ શોષણે- દવ દેવે તો | ૧૦૮ ” |
| સામાયિક ભંગે | ૧ ” |
| સામાયિક લીધા પછી વસ્ત્ર સંધરે | ૧ ” |
| નવકારશી ભંગે | પુરિમઢ |
| સામાયિક મધ્યે ગામ સંધરે | નિ. |
| નિષ્કારણ પ્રતિજ્ઞા- પચ્ચક્ખાણ ભંગે | ઉપવાસ |
| પોરસી- મુઠસી ભંગે | નીવિ. |
| એકાશન ભંગે | ૧ ભત્ત |
| આયંબીલ ભંગે | ૧ આયંબિલ |
| બીયાસણા ભંગે | ૧ ભત્ત |
| ઉપવાસ ” | ઉપવાસ |
| પુરિમાર્ધ ” | આયંબિલ |
| તપસ્વી નિંદાએ | પુરિમઢ |
| ” અન્તરાએ | ” |
| પ્રતિલેખના- આવશ્યક અકાળે કરે | ૧ ભત્ત |
| આવશ્યક ભંગે | ૧ આયંબિલ |



પૂ. આ. વિજયોદયસૂરીશ્વરજી પાસેથી.

| | | |
|---|---|---|
| કીડીના ઘર ભાંગે (નગર ભાંગે) | | ૧૦ ઉપવાસ |
| કરોળિયાનાં ઘર ભાંગે (કસીચાવડા) | | ૧૦ ,, |
| ઉદ્ધેઈના ,, ,, | | ૧૦ ,, |
| ભ્રમર- ગીધ્ધઈના ઘર ભાંગે | | ૧૦ ,, |
| બહુ જલ પ્રક્ષેપે ચ | | ૧૦ ,, |
| રાત્રિએ એકવાર બહાર ગયે | | ૨ ,, |
| લીલા ફૂલ ચાંપે- હલાવે | | ૧ ,, |
| ચઉવિહાર ભાંગે | | ૧ ,, |
| જીવાણી નાંખે તો | | ૨ ,, |
| લીલા ફૂલ ઉપર ઉભા રહે તો | | ૧ ,, |
| ગર્ભઘાત (ગર્ભપાત) કરે | | ૧૦૮ ,, |
| કન્યાકુલ દવે | | ૧૦ ,, |
| વિકલેન્દ્રિય વિનાશે | | ૧ ,, |
| અણગળ જલ પીવે | | અઠ્ઠમ |
| ,, સ્નાન કરે, ઉટણ કરે | | ,, |
| અકાલે સજ્ઝાય કરે | | આયંબિલ |
| સુવાવડે | જઘન્ય | છટ્ઠ |
| ,, | મધ્યમ | અઠ્ઠમ |
| પંચેન્દ્રિય વિનાશે | જ- છટ્ઠ | મ- અઠ્ઠમ |
| નવકારવાળી ખોવે | ,,-૧ભત્ત | ,, આર્ય. |
| પર્વતિથિ પ્રત્યાખ્યાન ભાંગે | | ૧ ઉપવાસ |
| મુહપત્તિ પડે ન જડે તો | | ૧ ,, |
| ,, ,, ને ,, ,, | | ૧ નીવિ |
| ગંઠસી. મુઠ્ઠસી- નવકારસી ભાંગે | | ૧૦૮ નવકાર |
| પચ્ચકખાણ પાર્યા વિના જમે તો | | ૧ પુરિમડ્ઢ. |

નીવિ, આયંબીલ, એકાસણું, બીયાસણું પ્રમુખ પચ્ચકખાણ ભંગ કરીને પચ્ચકખાણ બીજે દિવસે અગર પર્વ દીવસે કરી આપે ઇત્યાદિ એવું આલોચના બોલે છે- વિશેષપણે જાણવા માટે બહુશ્રુત ગીતાર્થે જાણો.

જ્ઞાનાશાતનાયામ (સ્થાનાંગ સિદ્ધાન્તે કહ્યું છે)
પુસ્તક- પટ્ટિકાદિ જ્ઞાનોપકરણ વિનાશે નવાં કરાવવાં
દર્શનાચારે- જઘન્ય- મધ્યમ- ઉત્કૃષ્ટ- અત્યુત્કૃષ્ટ

| | પુરિમઢ | એકા० | આયં० | અઠ્ઠમ |
|---|---|---|---|---|
| દેવગુરુ આશાતનાયામ | " | " | " | " |

| | |
|---|---|
| સાધર્મિક સાથે અપ્રીતી કરવી જ-મ-ઉ | એ-આ-ઉ. |
| પ્રતિમા અંગાદિ વિનાશ પ્રમાદે | ૧૦ ઉપવાસ |
| સ્થાપનાચાર્ય અપ્રતિલેખને | ૧ પુરિમઢ |
| " પાતિતે | ૧ ભત્ત |
| " ખોવાયે | ૧ ઉપવાસ |
| જપમાલા " | ૧ નીવ. |
| એકેન્દ્રિયારંભે વા ઉદ્રવણે | ૧ ભત્ત |
| અનંતકાયારંભે " " | ૧ ઉપવાસ |
| આરંભાદીન્દ્રિયોપદ્રવે | ૧ " |
| વિકલેન્દ્રિય ઉપદ્રવે | ૨ " |

## અથ આલોચના વિચાર

| | |
|---|---|
| બલાદન્યસ્ત્રિયમ્ ભુક્તે | ૧૦ ઉપવાસ |
| નિયમે સતિ વેશ્યાગમને | ૨ " |
| પરસ્ત્રીગમને | ૧૦ " |
| હસ્તકર્માદિ | ૩ " |
| મૈથુનં સેવે ઇતિ ચિન્તને | ૧ " |

| | |
|---|---|
| नियमज्ञात्वा च दिक्षुगमने | ૧૦ હજાર નવકાર |
| શય્યાતર ભક્તે | ૧ આંયબીલ |
| ઉદઃ સ્પર્શે | ૧ ઉપવાસ |

મૈથુન સેવને મૂલં કાર્યં પૂર્વપર્યાયછેદને પુનઃ દિક્ષા ગ્રહણ કીયો.

| | |
|---|---|
| સકારણે ઔષધ્યાદૌ | ૧ ભત્ત |
| એકેન્દ્રિય આરમ્ભે | ૧ " |
| પઞ્ચેન્દ્રિય પ્રહારે | ૧ " |
| આરમ્ભતો દ્વીન્દ્રિય ઉપદ્રવે | ૧ " |
| વમને | ૧ " |
| મદ્યસ્પર્શે | ૧ " |
| નદી સંઘટ્ટે | ૧ " |
| અકલ્પ્યજલાદૌ | ૧ ઉપવાસ |
| " ભક્તાદૌ | ૧ છટ્ઠ |
| નિષ્કારણે અકલ્પ્યૌષધાદૌ | ૧ ઉપવાસ |
| " અકલ્પ્યજલાદૌ | ૧ છટ્ઠ |
| " " ભક્તાદૌ | ૧ અટ્ઠમ |
| ત્રસ સંયુક્તે ભુક્તે | ૧ ઉપવાસ |
| અનન્તકાયં " | ૧ " |
| પરિષ્ઠાપને | ૧ છટ્ઠ |
| અનાભોગતઃ સચિત્તજલં ભુક્તે | ૧ અટ્ઠમ |
| જ્ઞાત્વા પાને | ૧૦ ઉપવાસ |
| મિષ્ટે જલપાને | ૧ " |
| વચન કલહે | ૧ " |
| ઘાતાદિ કલહે | ૩ " |

| | |
|---|---|
| લોકસમક્ષ ઉડ્ડાહે | ૧૦ ઉપવાસ |
| વિનાશે મૂલં દેયમ (પુનરુપસ્થાપના ક્રિયતે) | |
| અનન્તકાયારમ્ભે | ૧ ઉપવાસ |
| ત્રીન્દ્રિય ઉપદ્રવે | ૧ આયંબીલ |
| ચતુરિન્દ્રિય ” | ૧ ઉપવાસ |
| બહુધા દ્વીન્દ્રિયોપદ્રવે | ૧૦ ” |
| ” ત્રી ” ” | ૨૦ ” |
| ” ચતુરિ ” ” | ૨૫ ” |
| આરમ્ભાદિક - પઞ્ચેન્દ્રિય ઉપદ્રવે | ૨ ” |
| બહુશ આરમ્ભતઃ ” | ૬ ” |
| પ્રમાદે ” ” | ૩ ” |
| દર્પાત ” ” | ૧૦ ” |
| આકુટ્યા મનુષ્ય ” | ૨૦ ” |
| બહુ ” ” | ૪૫ ” |
| પઞ્ચેન્દ્રિય ગાઢ પ્રહારે | ૧ આયંબીલ |
| હસ્તપાદાદિ ભઙ્ગે | ૧૦ ઉપવાસ |
| બહુ જીવો મુકાવે છોડે જાનારનો | ૧૦ ” |
| ન છૂટકે ” ” | ૩ |
| પરિગૃહીતે | ૩ ” |
| રાત્રે સકારણે ઔષધાદિક ભક્ષણે | ૧ ” |
| નિષ્કારણે ” | ૩ ” |
| ૮૯ નિશિ અકાલ સંજ્ઞાયામ - | ૧ આયંબીલ |
| સાધુ સ્ત્રી સ્પર્શે | ૧ પુરિમાર્દ્ધ |
| મધ્યમ-ઉત્કૃષ્ટ સ્પર્શે | ૧ આયંબીલ |
| સર્વ સ્પર્શે | ૧૦ ઉપવાસ |

| | | |
|---|---|---|
| ઉપવાસ ભંગે | | ૨૦૦૦ નવકાર |
| આયંબીલ ભંગે | | ૧૦૦૦ ,, |
| નીવિ ભંગે | (૬૬૭) | ૬૬૭ ,, |
| એકાશન ભંગે | | ૫૦૦ ,, |
| ચઉવિહાર ભંગે | | ૧ ઉપવાસ |
| જીવાણી નાખવે | | ૨ ,, |
| અનંતકાય ભક્ષણે | | ૧ ,, |
| રાત્રિ ભોજનાતિક્રમે | | ૧ ,, |
| લેપે | | ૧ આયંબીલ |
| લેપાપારિ | | ૧ ઉપવાસ |
| સ્નાને (ન્હાયે) | | ૩ ,, |
| ચુલા- ઉખલ- મુશલ- યંત્રપ્રદાને | | ૩ ,, |



પ.પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનન્દસાગર -
સૂરિશ્વરજી મ.સા. પાસેથી પ્રત્યક્ષપણે જાણેલી
ઉપધાન સમ્બન્ધી ઉપયોગી - અનુપયોગી સૂચનાઓ.

— આલોચના —

મુહપત્તિના બોલ ન આવડે તો તે જગો પર
તેટલા બોલની સંખ્યા ધ્યાનમાં લેવી.

પવેણું કરાવતાં પહલાં પૌષધ ઉચ્ચરાવવો.
પડિલેહણના આદેશ, રાઈ મુહપત્તિ પછી પવેણું.
નિવિ આયંબીલના દિવસે પડિલેહણ વખતે -
વાંદણાં દેવાની જરૂર નથી.

પુરુષોએ દિશિ પ્રમાર્જું એ આદેશ બોલવાની
જરૂર નથી.

ક્રિયા કરવાની જગ્યા ઉપર પતરાં અગર
શીલીંગ હોય તો ચંદરવો ન હોય તો ચાલે.

દેરાસરજીમાં આઠ થોય વાળા દેવવંદન
કર્યા પછી ચૈત્યવંદનની આવશ્યકતા નથી. કરે તો
નિષેધ ન કરવો.

દેરાસરજીમાં આઠ થોય વાળા દેવવંદન
અને ચૈત્યવંદન જુદુ કરવાનું (કેટલાક કહે) છે.

<u>શ્રી આચારાંગ સૂત્રના</u> યોગ્ય કરેલ સાધુ
પાસે શ્રાવકો પ્રતિક્રમણ કરે, તો જુદા આદેશ -
માગવાની જરૂર નથી (એમ કેટલાક જણાવે છે). ~~કેટલેક~~
પરંતુ પ.પૂ. આગમોદ્ધારકશ્રીજી કહે છે કે સ્ત્રીઓની
પુરુષો પ્રતિક્રમણનો આદેશ પ્રથમ માગી લે. —
પછી પવેણું કરે.

શ્રી મહાનિશીથના યોગવાળા સાધુ પ્રતિક્રમણ
કરાવે તો, આદેશની જરૂર નથી, અર્થાત દેવસી-
રાઈ મુહપત્તિ પડિલેહવાની જરૂર નથી.

કારણે પાલી પલટાવવાની જરૂર પડે તો, તપ ઓછો ન થાય અને સમુદાયનો ક્રમ સચવાય તે ધ્યાનમાં રાખવું, બનતા સુધી લાગલગાટ બે દિવસ ખાવાનું ન લાવવું.

ઋષિમંડલ સંભળાવવાનું ફરજીયાત નથી.

નવપદની ઓળી કરનારને ઉપધાનનો તપ બંનેમાં ચાલે- વાળી આપવાની જરૂર નથી.

બકરી ઈદનો દિવસ વધારવાની જરૂર નથી, આ બાબતનો ખુલાસો ઉપધાનવિધિ પાનાં ૩૬ કલમ ૬-૭ માં છે.

આ પ્રમાણે હોવા છતાં અકાળે ચોમાસા બાદ માવઠું પડે તો દિવસ ન પડે, એ વાત આ જ કલમમાં છે. પરંતુ પ.પૂ. આગમોદ્ધારકશ્રીજી કહે છે કે, દિવસ પડે. એટલે અસજ્ઝાય બકરી ઈદનો દિવસ ન પડે, પણ અકાળે વરસાદનો દિવસ પડે.

પ્રથમ અઠારિયામાં સ્ત્રીને અડચણ આવે પણ બીજા અઠારિયામાં જ્યારથી પ્રવેશ કરે ત્યારથી બીજા અઠારિયાની ગણના કરવી.

૧૦૦ ડગલાંમાં સુવાવડ હોય, તો, દશ દિવસ પછી ત્યાં વાચના તથા ક્રિયા કરાવાય, ધોરી રસ્તો હોય તો અડચણ (બાધ) નહિ.

સાંજે પડિલેહણ પછી પાણી વપરાય,
મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ પારવાનું ન ભૂલાય,

કોઈ પણ ઉપધાનમાં પ્રવેશે નંદિનો ઉપવાસ હોવો જ જોઈએ, આયંબીલથી પ્રવેશ કે નાંદ ન કરાવાય.

પડેલ દિવસનો તપ લેખે લાગે, ને પૌષધ જાય, જો ઉપધાનમાં સંલગ્ન પૌષધ, કરે તો નિવિ - આયંબીલથી ચાલે પછીથી નિકળીને કરે, તો, પૌષધ ઉપવાસથી જ કરે,

<u>પાંચ મોટી તિથિએ ઉપધાનમાંથી કઢાય નહિ</u>, નીકળવાના આગલા દિવસે તપ જોઈએ.

દેરાસરજીમાં ગમણાગમણે આલોવવાની જરૂર નથી.

રજસ્વલા સ્ત્રીને પડદામાં રાખી સ્થાપનાજી ખુલ્લાં કર્યા સિવાય ક્રિયા કરાવવી.

પચ્ચક્ખાણ, પ્રવેણાની ક્રિયા શ્રી - મહાનિશીથવાળાજ બોલીને કરાવે,

ગર્ભવંતી બાઈને ચાર-પાંચ મહિના સુધીનો ગર્ભ હોય તો, ઉપધાન કરી શકે, નાની પુત્રીને ધવડાવી શકે

પાંત્રિસામાં રોગાદિ કારણે તપસ્યામાં ફેરફાર કરી તપ પુરો કરાવવો.

અડચાણના (અંતરાયના) દિવસે ૧૦ વાગે પવેણું શુધ્ધમાં કર્યું હોય તો તે દિવસ લેખે લાગે

હરેક વાચનાના દિવસે તેલ નંખાય, તિથિ હોય તો ન નંખાય.

નંદિની ક્રિયાનાં સૂત્રો શ્રી મહાનિશીથ-વાળા જ બોલે.

ક્રિયા પણ શ્રી મહાનિશીથવાળા જ કરાવી શકે

છકીયા- ચોકીયાનો વિધિ-તપ-મૂળ વિધિ પ્રમાણે જ છે. તે મૂળવિધિથી કરાવવામાં ફેરફાર ન કરવો.

માળ મન્ત્રિત કરતી વેળાએ વર્ધમાનવિદ્યા સાથે ત્રણ નવકાર ગણવા.

અઢાર દિવસ પહેલાં અઢારિયામાંથી નીકળે, તો, પછી અઢારિયું ન ગણાય, તે પૌષધો આલોયણામાં લઈ શકાય.

માળના દિવસે ઉપવાસ જોઈએ, છકીયા-નો છેલ્લો ઉપવાસ તો કરવો જ જોઈએ — (સાતમા દિવસે)

ઉપવાસના દિવસે પુરિમઢ્ઢ તપની ગણત્રીમાં ન આવે,

કારણે સવારમાં પવેયણા પહેલાં વાચના આપી શકાય. વાચના આપતાં ભૂલ્યા તો સાંજે વાચના આપી શકાય. પાણી સૂકાવ્યા પછી જ અપાય તેવો નિયમ નથી.

અઢાર દિવસ અને સાડાબાર ઉપવાસ કુલ્લે હિસાબ ગણતાં પૂર્ણ થાય, તો, જ

બીજા અઠારિયામાં પ્રવેશ કરી શકાય, જે
આની પણ તપ ઘટે તો નિવિના બદલે -
આયંબીલ કરાવી પૂર્ણ કરી આપવું - પણ બીજા
અઠારિયામાં વધારે તપ કે સ્વાધ્યાયથી તે
તપ પૂર્ણ ન કરી શકાય.

છૂટક પૌષધવાળાનું પડિલેહણ ઉપધાનવાળા
ને ખપે નહિ, ઉપધાનવાળાનું છૂટકવાળાને
ખપે.

રજસ્વલા બાઈ શુદ્ધ થયા બાદ શક્તિ
હોય, તો, નાણ માંડવી પ્રવેશ કરે, નહિતર
સ્થાપનાજીથી કરે,

શ્રી વર્ધમાન તપ ચાલુ હોય ને ઉપધાન
કરવા હોય તો એને ચાલે, ચાલુ ન હોય તો
નવો કરવો ન ચાલે,

વાંચના વખતે વાચના પૂર્ણ થાય -
એટલે વાસક્ષેપ કરવો અને।

૨૫ ખમાસમણા તે ઉપધાનનાં વધારે દેવા.

ઉપધાનમાંથી નીકળવાની ક્રિયા પૌષધ
પાળવાની જ છે- બીજી કંઈ નથી.

વાંચનાના દીવસે તેલ નાખવામાં
ઈરિયાવહી કરવાનો નિયમ નથી.

વાચના લીધા પહેલાં રજસ્વલા થાય
તો તે તપ વધે તો વધારાનો તપ બીજી -
વાચનામાં ગણવો.

સવારના રાઈ મુહપત્તિમાં છેલ્લાં
વાંદણાં લેવાના છે.

પાત્રીસા- અઠ્ઠાવિસાવાળાને લોગસ્સ ન આવડે તો ૨૦ નવકારવાળી ગણવાની પણ

આધન્ક જાઈ - નવકારવાળી વીશ ગણવી પણ સ્વાધ્યાય નહિ.

આરીકું બાંધેલું હોય તે સિવાય છુટી ઉપધિની દરરોજ પડિલેહણ કરવી જોઈએ.

સવારે પવેયણા પછી સજ્ઝાય કરવી. પુરુષે ઉભડક પગે અને સ્ત્રીએ ઉભા ઉભા કરવી.

પ્રવેશમાં પાસણ લીધા પછી 'વસતિ પવેઉ' ના આદેશ માંગવા.

નંદીસૂત્રના બદલે ત્રણ નવકાર ગણવા

વડીદીક્ષાવાળા સાધુ ઉપધાનનું - પ્રતિક્રમણ ભણાવી શકે પણ આદેશ આપવાવાળા મહાનિશીથવાળા જોઈએ.

અડચણવાળી બાઈ માટે બીજા બહેન સૂત્રો બોલી શકે

સ્ત્રીઓને પડિક્કમણાં, પડિલેહણ, પચ્ચક્ખાણ પારવું, દેવવંદનાદિક ક્રિયામાં આચારાંગના જોગ કરેલ સાધ્વીજીએ - પડિલેહણ કરેલા સ્થાપનાજી જોઈએ ચાલી શકે

ત્રણ દિવસ સુધી ઉપધાનવાળા વસ્ત્રની કાપ લે બહારના સાથે કરી શકે

સવારે પાસણ ઉચરી રાઈ મુહપત્તિ પછી પવેણામાં પચ્ચક્ખાણ પછી સજ્ઝાય

અગાર પવેણા પછી રાઈ મુહપત્તિ.

વાચના સવારે ક્રિયા પછી અગર સાંજે ક્રિયા કર્યા પહેલાં ને ભૂલે તો બીજે દિવસે ક્રિયા કર્યા પહેલા આપી શકાય.

ઓઘામુહપત્તિ· ચોથા છઠ્ઠામાં પ્રવેશ સંક્ષેપથી (જગ-ચિંતામણીજી· જાવીયરાય) આઠ થોયની જગ્યા પર બારલી જ વિધિ કરાવી નંદિ સૂત્ર સાત ખમાસમણ વગેરે કરાવવા.

વાચનામાં પાંચ ઉપવાસ સુધી "પૂર્વ ચરણ પદ પેસરાવણી" બીજી વાચનામાં "ક્રમાગત ચરણ પદ પેસરાવણી, ત્રીજી એટલે અંતિમ વાચના આપ્યા બાદ પવેણામાં ઉત્તર ચરણપદ પેસરાવણી બોલવું.

વાચનામાં ખમાસમણ ચાલુ શ્રુતના નામે દેવા,

માળ પહેરાવતાં પહેલાં બધી વાચના દઈ દેવી (પહેલી દેવી)

ઉપધાનમાં બીજી તિથિઓનો તપ ઉચ્ચરેલા હોય, તો, ઉપવાસના દિવસે તે તપ બજમાં ચાલે ને નીવિ હોય તો, છઠ્ઠની શક્તિ ન હોય, તો આગળ તપ વાળી આપવો.

સ્ત્રીને ચોરસ દાંડીવાળો ચરવળો જોઈએ.

વાપર્યા પછીનું ચૈત્યવંદન તથા પચ્ચક્ખાણ પારવાનું સ્થાપનાજી ખુલ્લા રાખીને કરવાં,

ઉપધાનમાં મેથી પાપડનું શાક ખપે,
સિવાય આખું ધાન કે શેકેલું ધાન ન ખપે,

અઠારિયાનો ૧૨ાા ઉપવાસમાં ફેરફાર ન કરવો, આયંબીલ કરાવવાથી તપ પૂરો થઈ જશે

૧૮ દિવસ આગાર અઠારીયું એક,

દિવસ ૯ = નવ ઉપવાસ
" ૮ = ત્રણ ઉપવાસ નીવિના
" ૧ = ૦ાા " આયંબીલનો
આઠ નીવિ- ૧૨ાા "

૧ નીવિ = ૦ા= ઉપવાસ ૮x૦ા= = ૩ ઉપવાસ

સ્ત્રીએ મહાનિશીથવાળા સાધુ પાસે પાસણ- પડિલેહણ- રાઈ મુહપત્તિના આદેશ માગવા જોઈએ, સ્થાપનાજી પણ તે વખતે મહાનિશીથવાળાના પડિલેહણ કરેલ હોવા જોઈએ

પડેલા અડચણના દિવસો ૮ પહોરના પૌષધથી કરી આપવા જોઈએ.

નિવિ હોય તો વાચના આગળ આપવી, પાછળ ન લઈ જવી, ને વધારાનો તપ પાછલી વાચનામાં લઈ જવો, છકીયા- ચોકીયામાં પણ તે જ પ્રમાણે,

છકીયા- ચોકીયામાં કારણસર ઉપવાસના બદલે પ્રથમ આયંબીલ અને પછી ઉપવાસ થઈ શકે પણ છેલ્લો છકીયાનો ઉપવાસ નિયમિત થવો જ જોઈએ ને સાતમે દિવસે ઉપવાસ આવે.

ગાઢ કારણે અઠારિયાના ઓગણીસ

દિવસ કરવા, બાકી અઢાર દિવસ, અઢાર પૌષધ, સાડા બાર ઉપવાસ તપ કુલ્લે થવો જોઈએ, જે આની પણ ઓછું ન ચાલી શકે,

માળની ક્રિયા વખતે સમુદ્દેશ કર્યા પછીજ અનુજ્ઞાની નોંદ કરાવવી, તે નોંદની ક્રિયા નોંદસૂત્ર સંભળાવે ત્યાંસુધીની જ ગણવી તે પહેલાં બધી વાચના દઈ દેવી.

સવારે - ઈરિયાવહી-૩- એક પોસહ પડિલેહણના આદેશની, બીજી રાઈ મુહપત્તિની અને ત્રીજી પવેણાની એમ સવારે ત્રણ,

સાંજે ઈરિયાવહી ૨, એક પચ્ચકખાણ વિધિ સાથે દેવસી મુહપત્તિ, બીજી પડિલેહણના આદેશની- દાનસૂરિવાળા સાંજે ત્રણ કરાવે છે કા-૨૩-૧૫- એવો જવાત હોય તો ન ખપે,

સાંજનું પચ્ચકખાણ સાંજની વિધિમાં લેવાનું, પાડેલહણા કે પહેલાં નહિ, મુઠસી લેવાય એવોજ સંપ્રદાય છે, તે જ વિધિ રાખવો.

ઉપધાનમાં જે વિધિ સાથે ન આપીશકાય પુરું થયા પછી પણ,

અઠ્ઠાવીસા- પાંત્રિસાની છેલ્લી વાચના પછી આયંબિલ- નિવિ કરાવવાની રીત નથી. પૌષધ ન પારે ત્યાંસુધી નિવિ- ઉપવાસ કરવા જોઈએ, ચોકીયાની વાચના થયા પછી અંતરાય આવે તો વચમાં નિવિ થઈ શકે નહિ, કારણ કે ચોકીયા- છકીયા વચ્ચે છકીયાની વાચના થયા

પછી અડચણ આવે તો પૌષધ પાળી નીકળી શકે,
છકીયું શરૂ કર્યા પછી છેલ્લી વાચના ન થાય, અંતરાયના કારણે ત્યાંસુધી આયંબિલ રહેવા જોઈએ, છેલ્લી વાચનાથી છકીયું પૂરું થઈ ગયું હોય, અને બીજે દિવસે કદ પર્વના દિવસે પૌષધમાં રહેવું પડે તો છૂટા પૌષધ જેવું ગણાય.

કા.શુ.પની વાચના ખાસ રાખવી, અને છકીયા-ચોકીયાની વાચના તિથિએ આવે તો હરકત નહિ, કારણ કે ચાર દિવસ ઉપર નંદિ નાખ્યું હોય એટલે ચાલે.

રાઈ મુહપત્તિ નાણ સન્મુખ નહિ પણ ગુરુ સંબંધી હોઈ સ્થાપનાજી સન્મુખ હોય,

વાચના વખતે પણ વસતિ ખાસ જોવરાવવી, અને વસતિના બે આદેશ મંગાવવા.

તુરત સ્નાન કરીને આવેલ સ્ત્રી વાચના મનમાં ધારે, પુરુષો ઉભડક પગે અને સ્ત્રીઓ ઉભા રહીને સાંભળે,

બાળક હોય તો છકીયા-ચોકીયામાં દાળિયા ધાણી સાથે વાપરે તો અવાજ નહિ થાય, રોટલી તાજી ખરી કરાવી ચૂરીને - આપવી, બાળક છે એમ જાહેર કરે ને આલોયણ લખવી.

વાંદણાં સ્થાપનાજી આગળ જ હોય,
નિવિના બીજે દિવસે પણ પૌષધ

પાળી શકે,

ચોમાસામાં સહેજ ફાટેલાં પીસ્તાં ન વપરાય,

ઉપધાનમાં પાંચ તિથિ ઉપવાસ કે આયંબિલ જોઈએ જ, તિથિએ નીવિ ન હોય,

ચોકીયું- છકીયું સાથે જ કરવાનું, વચમાં નીવિ ન આવી શકે, ચોકીયાની શરૂઆતનો, છકીયાની શરૂઆતનો અને છેલ્લો ઉપવાસ જ આવે, છકીયાના સાતમા દિવસે ઉપવાસ જ જોઈએ.

<u>શ્રાવકની નોંધમાં નામ બોલવાનાં હોય જ નહિ.</u>

ઉપધાનમાં પોસહનાં ત્રણ, દેરાસરનું એક એમ ચાર દેવવંદન હોય પછી ચૈત્યવંદન - ફરજિયાત જુદું કરવાનું ન હોય.,

અધિક કપડાં હોય તો પડિલેહણ પડિલેહણ કરવાં પડે,

સ્ત્રીને અઢારિયામાં અડચણ આવે તો તપસ્યા હિસાબમાં લેવાય, પૌષધ ફરતા હોય તો ઉપધાન પુરા થયા પછી સાથે કરાવી લેવાના એટલે અઢાર દિવસ પછી બીજા અઢારિયામાં પ્રવેશ કરે.

અડચણના દિવસોની તપશ્ચર્યા વાચનામાં હિસાબમાં લેવાય, જે જે " જે વાચનામાં આવતી હોય તે તે દિવસે વાચના આપી દેવી યોગ્ય છે, કોઈ વખત લંબાવવા જતાં તપસ્યા વધારે કરવી પડે, અને દિવસો વધારે ભરવા પડે, એવો વખત આવે,

નવકારવાળી પાંચ બાંધી સાથે ગણે તે યોગ્ય છે, છતાં કોઈ એવા હોય ને ઘણી વાર થતી હોય તેવા એક એક ગણીને પુરી કરી શકે.

ગૃહસ્થો સવારે પડિલેહણમાં પ્રથમ સંથારો અને સાંજે પહેલો ખેસ પડિલેહે.

ચઉદશના દિવસે બીજા અઠાવિયામાં પ્રવેશ કરાવી શકાય, પણ તિથિ હોવાથી કઢાય નહિ, નીકળવાના આગલા દિવસે તપ જોઈએજ, આગલા દિવસે તપ ન હોય તો પણ બીજા અઠારિયામાં પ્રવેશ કરાવી શકાય, પણ નીકળાય નહિ, આગળ લખાણમાં નિવિના બીજા દિવસે નીકળાય તેમ લખેલ છે તે આ કલમથી રદ સમજવું

ધાણાની દાળ ઉપધાનમાં વાપરવામાં હરકત નથી પણ દાંતમાં ભરાઈ જાય અને ઉઠ્યા પછી નીકળે તો શું થાય?

દશેરા બાદ ખાંડ ખપી શકે છે?

દીવેલ દીધેલા ઘઉં, ચોખા ઉપધાનમાં નિવિ કે આયંબીલમાં વપરાય છે.

ખાખરા, પાપડ, ચણા (શેકેલા) ન વપરાય, પાપડનું શાક વપરાય છે.

— || ૦ || —

# આચાર્ય સાગરાનંદસૂરિ પાસેથી રૂબરૂ મળેલા ખુલાશા.
## ( હેમસાગર )

આયંબિલથી ઉપધાનમાં પ્રવેશ થાય જ નહિ, ચૌદશે આયંબીલ કરાવી શકાય.
વાચનાને દિવસે સ્ત્રીઓને તેલ કાંસકી ખપે છે, વાપરી શકાય.
અઠારિયા- ચોકીયા કે છકિયામાં કે કાઇ પણ નાદમાં ઉપવાસ કર્યા વગર ન ફરી શકાય.
ઉપધાનમાં ન હોય તે દિવસે નીવિ હોય અગર આયંબીલ હોય તો તે દિવસે ભલે પણ પ્રવેશ ન કરાય, પણ બીજે દિવસે ઉપવાસ આવે ત્યારે જ પ્રવેશ કરાવાય.
પ્રથમ અઠારિયાની વધારાની તપશ્ચર્યા બીજા અઠારિયામાં કામ ન આવે- બંનેની તપશ્ચર્યા જુદી જ જોઈએ, વાચના તેને તપ પૂરો થયે જ અપાય, વાચના થયા પછી જ બીજા અઠારિયામાં પ્રવેશ થઇ શકે,
ચોકીયું પ્રથમ, પછી છકિયું એ ક્રમમાં ફેરફાર કરી શકાય નહિ, આયંબીલમાં પુરિમઢની બે આની વધારે ગણીએ છીએ તેથી તેની દશ આની ગણાય
ચોકીયા- છકિયાના દિવસો આયંબીલથી જ ભરવા પડે, તેની બાકી રહેલી વાચના નાખ્યા બાદ બે, દિવસો થઈ ગયા હોય તો વાચના

અપાયા પછી તે દિવસે અઠારિયું - ચોકીયું છકીયું
પ્રવેશ કરાવી શકાય.
ચોકીયા- છકીયાની વચમાં આયંબીલ જ વધે, પાંચ
તિથિ ઉપધાનમાં આયંબીલ કે ઉપવાસ જ કરાવાય
તેમજ તિથિએ કઠાય નહિ.
નિકળવાના આગલા દિવસે તપ જોઈએ જ,
અડચણનો તપ હીસાબમાં લેવાય, તેના પૌષધ
આગળ ભરી દેવા પડે,
પ્રાય: તિથિના દિવસે તેલ નખાય નહિ.
ચોકીયાની શરૂઆતમાં તપ જોઈએ,
ઉપધાનમાં ચોમાસીનો છઠ્ઠ વાળી શકાય, કરવા
જ જોઈએ એમ ન કહેવાય, મુહુર્ત પછી પાછળથી
પ્રવેશ કરનારને સ્થાપનાજીથી પ્રવેશ કરી શકાય,
નાણ ન હોય તો ત્રીગડું પણ ઉપધાનની નાણમાં
ચાલે,
વરસીતપના દિવસો ઉપધાન કર્યા પછી ભરી
આપવાના અને ઉપધાનમાં ઉપધાનના ક્રમ
પ્રમાણે ચાલે
અડચણવાળાને બીજા અઠારિયામાં સ્થાપનાજીથી
પ્રવેશ કરાવાય.
ઉપધાનમાં મુખવાસ ખપે છે.
તિથિના દિવસે વાચના આવી હોય તો સ્ત્રીઓ
બીજા દિવસે તેલ નાખી શકે છે, દૂર બેઠેલી
સ્ત્રીઓ નાહ્યા પછી નાખી શકે,
પ્રવેશ કરનાર બીજા માટે નવાં કપડાં લઈને

પહેલાંને આપી શકે

<u>પૌષધ નંદિ પહેલાં ઉચ્ચરાવાય</u>. નંદિ પેચા પહેલાં નવા અઠારિયાના કાઉસ્સગ્ગ, ખમાસમણાં ન કરી શકાય, નવકારવાળી પણ ન ગણાય, ઉપધાનમાં કા-ચૌ-પુનમે મેવો ન વાપરવો, દરેક અઠારિયે એક આયંબીલ આવે તો જ તપ પુરો થાય તે સ્વાભાવિક આવી રહે છે. બને ત્યાંસુધી ૩૭ મા દિવસે ચોકીયામાં દાખલ કરવા અને બને ત્યાં સુધી ૧૮ દિવસ ન કરવા, અઠારિયામાં ખુટતો તપ આલોચણથી ન વળી શકે. લાગલગાટ બે દિવસ ખાવાનું ન લાવવું. એકાંતરે ઉપવાસ લાવવો બે દિવસ સાથે આવવાથી તપ પુરો ન થાય, ઉપવાસમાં પુરિમડ્ઢનું તપ વધારે ન ગણાય, નિવિ આયંબીલમાં ગણાય.

પંન્યાસપદવીના મંત્રથી માળા રાત્રે ૨૧ વાર ગણી મંતરવી.

પ્રથમ માળ શરૂઆતમાં ૭ વાર મંતરવી, પહેરાવતી વખતે વ્યક્તિ દીઠ માળ વખતે ત્રણ વખત મન્ત્ર-સાત નવકાર ગણવા

આલોચણ છાપેલ પ્રતમાં લખી છે. વિશેષ યોગ્ય સ્થળેથી પુછાવી લેવું.

વ્યાકરણમાં પરસૂત્ર બળવાન - એમ અહિં પણ પાછળથી લખેલ બળવાન ગણવું

પકલ દિવસોના પૌષધ અવશ્ય કરવા જોઈએ, પરંતુ આલોચણના પૌષધ અશક્ત આત્માઓ

અને ગ્રામવાસી હોવાના કારણે સાધના માટે કદાચ પૌષધ ન કરી શકે તો તેના બદલે પૌષધ દીઠ એક ઉપવાસ તથા ૩૦ સામાયિક આપવી (આ મુદ્દો સ્પેશીઅલ કેશો માટે છે) અંતરાયવાળી બહેનો ઉપધાનમાંથી નીકળી ન શકે.

| | વાચના | | નો | ક્રમ | |
|---|---|---|---|---|---|
| પાંત્રીસાવાળા | પ્રથમ વાચના | | પાંચમે | દિવસે | ઉપવાસ-3. |
| અઠ્ઠાવીસાની | » | | » | » | ૩ |
| પ્રથમવાળાની | » | | આઠમે | » | ૫ |
| બીજું ઉપધાન | » | | » | » | ૫ |
| અઠ્ઠાવીસાની | બીજી વાચના | | પંદરમે | » | ૩+૬ = ૯ |
| પાંત્રીસાની | » | » | સત્તરમે | » | ૩+૮=૧૧ |
| પ્રથમની | » | » | અઢારમે | » | ૫+૭॥ = ૧૨॥ |
| બીજાની | » | » | » | » | ૫+૭॥ = ૧૨॥ |
| અઠ્ઠાવીસાની | ત્રીજી | » | તેવીસમે | » | ૯+૬॥ = ૧૫॥ |
| પાંત્રીસાની | » | » | ~~ચોથે~~ ત્રીસમે | » | ૧૧+૧૮॥ = ૨૯॥ |
| ચોકીયાની | પહેલી | » | ચોથે | » | ૨॥ |
| છકીયાની | » | » | ત્રીજે | » | ૨ |
| છકીયાની | બીજી | » | સાતમે | » | ૨+૨॥ = ૪॥ |

